TITLE CODE: GUJGUJ 15959

# ધી ઓપન પેજ

SINCE - 1968

વિદ્યાર્થીઓનુ પોતાનું શૈક્ષણિક સામાયિક

EDITOR: ARCHIT LABUBHAI BHATT

MONTHLY NEWS PAPER

Vol.No-1, Issue No-5 Ahmedabad, Saturday 05/12/2015 www.theopenpage.co.in Page -12 Price: ₹30/- Annual Subsription: ₹360/-

Place of Publication: Tripada Education Trust Madhuvrund Society, Ranna Park, Ghatlodia, Ahmedabad - 380061 • Phone No. 079-27621385/86

## આ અંકમાં શું વાંચશો?



સાંપ્રત સમયમાં શિક્ષકની ભૂમિકા

શિક્ષણ ૨



આવી રે આવી નાતાલ

નાતાલ ૩



ગુજરાતી લોકો શા માટે ગ્રેટ હોય છે ? આ વાંચો

શિક્ષણ ૪



નાતાલની રજાઓમા સાન્તાક્લોઝ પાસેથી કઇ ભેટ લેશો

ધી ઓપન પેજ સ્ટુડન્ટ રિપોર્ટર્સ ક્લબ ૬-૭



**આવી રહ્યો છે ડાન્સ વર્કશોપ તમને ડાન્સ શીખવાડશે પ્રિન્સ, સુમિત, હાર્દિક અને અર્ચિત તમારા અમદાવાદમાં આ ડિસેમ્બર મહિનામાં**

**(વધુ વિગત માટે વાંચો પેજ નં ૮)**

# પુરસ્કાર પ્રક્રિયાની પૂર્વ તૈયારીની પળો

**૧૯, ડિસેમ્બર, ૨૦૧૫**
**સરનામું :- ગાંડી વિદ્યાપીઠ, શિવશક્તિ હોટલ, આનંદપર ગામ,કાલાવાડ, રાજકોટ.**











**'ધી ઓપન પેજ'** વિવિધ સંસ્થાઓ, શાળાઓના આચાર્યો અને શિક્ષકો તરફથી મળેલ ખૂબ હકારાત્મક પ્રતિક્રિયાથી હર્ષની લાગણી અનુભવે છે.

**આ વર્ષે રાજકોટ** ખાતે જીનીયસ ગ્રુપ ઓફ સ્કૂલ્સના સહકારથી 'ધી ઓપન પેજ' દ્વારા શિક્ષણ ક્ષેત્રે વિશેષ યોગદાન આપનારને સન્માનિત કરવા 2nd એજ્યુકેટર એવોર્ડનું આયોજન કરવામાં આવેલ છે. એવોર્ડ સમારંભના મુખ્ય અતિથિ (અતિથિ વિશેષ) તરીકે ગુજરાત રાજ્યના માનનીય ગવર્નર **શ્રી ઓ.પી. કોહલી છે.**

**જાહેરાત સાથે જ ધી ઓપન પેજની** ઓફિસમાં કુરિયર દ્વારા, મેઇલ દ્વારા, રૂબરૂ નોમીનેશન ફોર્મ મળી આવ્યા છે.

**આ વર્ષે એવોર્ડ** સમારંભમાં પોતાનો પ્રસ્તાવ રજૂ કરવા વિસ્તૃત વિગત સભર પ્રોફાઇલો અમને મળી છે. ઘણી પ્રોફાઇલો સી.ડી.ના માધ્યમથી રજૂ કરવામાં આવી છે. પોતાની સિદ્ધિઓ વિષે, છાપાના કટિંગ, પ્રેસનોટ, પ્રદર્શન- સેમિનારો વિષે, વિદ્યાર્થીઓને વિવિધ ક્ષેત્રો જેવાં કે આંતર-શાળા હરીફાઇઓ, જિલ્લા અને રાજ્ય સ્તરે યોજાયેલ હરીફાઇઓમાં સફળતા મેળવા કરેલ પ્રયત્નો વગેરેને પ્રોફાઇલમાં સુંદર રીતે રજૂ કર્યા છે. દરેક પ્રોફાઇલને વાંચી તેને અગ્રતા ક્રમ આપવો તે અમારા માટે મુશ્કેલ બન્યું છે.

**દરેક નોમીનેશન ફોર્મને** વિભાગ પ્રમાણે વર્ગીકૃત(અલગ) કરવામાં આવ્યું અને તેને એક રજીસ્ટ્રેશન નંબર આપવામાં આવ્યો, ત્યારબાદ તેને વધુ ઉંડી તપાસ માટે સ્ક્રુટિનીટી ટીમને આપવામાં આવ્યા. ટીમના ૧૫ સભ્યો દ્વારા (રોજના ૮-૧૦ કલાક) સતત એક મહિનાથી પણ વધુ દિવસ સુધી બારીક તપાસ થઇ. અંતે પસંદ થયેલ ઉમેદવારોની યાદી તૈયાર થઇ, સમગ્ર પ્રક્રિયા ખાનગી રાખવામાં આવી. ત્યારબાદ પસંદ થયેલ ઉમેદવારોને જ્યુરી રાઉન્ડમાં હાજર થવા જણાવવામાં આવ્યું કે જ્યાં વિજેતાની પસંદગી થશે.

**'ધી ઓપન પેજ'ને** મળેલ અભૂતપૂર્વ પ્રતિભાવ એવોર્ડની અદ્વિતીયતા (વિશ્વસનીયતા)ને કારણે છે. જે માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષકોની સાથે પ્રી-પ્રાયમરી અને એલીમેન્ટરી શિક્ષકો શિક્ષણ ક્ષેત્રે સમાજ સેવા કરતી વ્યક્તિઓ, વાલીઓનુ પણ મૂલ્યાંકન કરે છે.

**તા.૧૯.૧૨-૨૦૧૫ના રોજ રાજકોટ ખાતે યોજાનાર 2nd એજ્યુકેટર એવોર્ડમાં ભાગ લેવા સહુ શિક્ષણ શાસ્ત્રીઓ, શિક્ષકોને ધી ઓપન પેજ નું હાર્દિક નિમંત્રણ.**

# હાર્દિક અભિનંદન: 'ધી ઓપન પેજ'



"ધી ઓપન પેજ" એજ્યુકેશન ન્યુઝ પેપર દરેક સ્કુલોમાં સતત જ્ઞાન અને ગુણોની સુગંધ ફેલાવતુ આવ્યુ છે. એ માટે હું મારા હૃદયથી આભાર વ્યક્ત કરવા માંગુ છું. તાજેતરમાં "ધી ઓપન પેજ" ટીમ દ્વારા એક મહાન પ્રયાસ હાથ ધરેલ છે જેમાં ઉચ્ચ બુદ્ધિશાળી કાબિલીયત શિક્ષકોની પસંદગી કરવામાં આવી હતી જેના પરિણામતઃ તેમની બુદ્ધિગ્રાહ્ય અને પારદર્શકતા બતાવવામાં આવી હતી. આ પ્રક્રિયા એટલી જ કઠિન છે જેટલું ઉંડા સમુદ્રના તળિયામાંથી મોતી એકત્રિત કરવા મુશ્કેલ છે, તેવી જ રીતે સાક્ષરોના વતૃ 'ળમાંથી ખાસ બુદ્ધિશાળીને શોધવા તે કોઈ સરળ કાર્ય નથી. સેક્સપિયરે 'ધ મર્ચન્ટ ઓફ વેનિસ'માં લખ્યું હતુ કે ચળકે જરૂરી નથી તે બધું જ સોનું હોય. એવી જ રીતે શ્રેષ્ઠમાંથી સર્વશ્રેષ્ઠ શોધવા ચેતા તણાવ જરૂર છે. "ધી ઓપન પેજ" દ્વારા મધરાતે તેલ બગાવી અને આ શૈક્ષણિક લડાઈ લાયક સહભાગીઓને તાજ પહેરાવવાની ઝુંબેશ ચાલુ કરી છે. ન્યાયમૂર્તિઓએ કોઈ પણ ભય વગર અને તરફેણ વગર વિજેતાઓના તાજમાં પીછા ઉમેર્યા છે. પસંદગીની પ્રક્રિયા દરમિયાન બધા ઉમેદવારોની પ્રોફાઈલ વાંચે અને તેમના સન્માનોને ધ્યાનમાં રાખી એક સાચા ઉમેદવારને એક ફ્રન્ટ રનર જાહેર કરવામાં આવશે.

આ કહેવામાં કંઈજ ખોટુ નથી કે આ લાઈફ ટાઈમ અચિવમેન્ટ એવોર્ડ નથી પણ આ સન્માન વિદ્વતાના સૂર્યઉદય માટે છે. શિખવાની મુસાફરી બાળપણથી જ ચાલુ થાય છે અને અંતિમ શ્વાસ સુધી રહે છે. સાચાં અર્થમાં જ્ઞાન શોધનાર અને જ્ઞાન આપનાર બન્ને આજીવન શીખતાજ હોય છે. આ શૈક્ષણિક સફરમાં એક દિવસ એવો પણ આવે છે જ્યારે જ્ઞાનના અભિલાષી સફળતાનાં કિનારે પહોંચે છે.





તમને એવો કોઈ સન્માન અથવા પુરસ્કાર મળ્યો હોય તો વટથી ચાલવામાં કાંઈ ઠાની નથી પણ આ શિક્ષણના સફરમાં આગળ ધબકતા રહેવા માટે પોતાનાં અહમને નીચુ રાખી ચાલવું ખુબ જ જરૂરી છે. જેમ કેરીના વૃક્ષની શાખાઓ ઉપર કેરીનાં ફળ લાગતા જ નમી જાય છે એમ જ વિદ્વતાની સામે અહમ નમતું થાય છે. વિદ્વાન વ્યક્તિઓ ખુબ જ નમ્ર અને શિષ્ટવાદી હોય છે.

ફરી એકવાર, મારા વિચારોના આદેશ સાથે હું અંતર મનથી "ધી ઓપન પેજ"નો આભાર વ્યક્ત કરું છું, કારણ કે, તેમણે મને તેમની નજરથી અમને ખુદને જોવાનો મોકો આપ્યો. અમને તમારા ન્યાય પ્રક્રિયા પર પૂરો વિશ્વાસ છે. આવા પ્રસંગો વારંવાર થવા જોઈએ જેથી અમે સમાજ અને રાષ્ટ્રની સુધારણા માટે અમારી હદો ને વિસ્તૃત કરી શકીએ.



**ડૉ. હેમંત પંડ્યા**
**આચાર્ય, રામેશ્વર શિક્ષણ સંકુલ**
**નિકોલ અમદાવાદ**

# સાંપ્રત સમયમાં શિક્ષકની ભૂમિકા

શૈક્ષણિકકાર્ય દરમ્યાન વિદ્યાર્થીને સોંપવામા આવેલા પ્રોજેક્ટ કાર્ય અંતર્ગત વિદ્યાર્થીઓએ જે "Power Point Presentation" તૈયાર કર્યો હતો. તેને આધારે સમજાયું છે કે આજના વિદ્યાર્થીઓ પોતાની મહેનતથી ટેકનોલોજીના ઉપયોગ વડે શિક્ષણને વધુ માહિતી સભર, જ્ઞાનસભર, રસમય, અને અસરકારક બનાવી શકે છે. આજના વિદ્યાર્થીઓ પોતાના શિક્ષકો પાસે એથીયે વધુ રસપ્રદ અને ગુણવત્તાલક્ષી શિક્ષણની અપેક્ષા રાખે છે. શૈક્ષણિક કાર્યને આધુનિકતમ બનાવવા શિક્ષકો ટેકનાલોજીનો ઉપયોગ કરે એ અતિઆવશ્યક બન્યું છે.





**વિનોબાભાવે કહે છે,**

*"શિક્ષક જેટલી દિવ્યતા અને ભવ્યતા સાથે વર્ગખંડમાં પ્રવેશે છે, એટલી જ દિવ્યતા અને ભવ્યતા વિદ્યાર્થીમાં, કુટુંબમાં, સમાજમાં અને રાષ્ટ્રમાં વ્યાપી રહે છે."*

આધુનિક જ્ઞાનવિસ્ફોટના યુગમાં ટેકનોલોજીના સાધનો વડે જ્ઞાન પ્રાપ્ત કરવું એ સરળ અને સહજ બની ગયું છે. આજનો જ્ઞાનપિપાસુ વિદ્યાર્થી ટેકનોલોજીના ઉપયોગથી પોતાની ઈચ્છા મુજબ જ્ઞાન પ્રાપ્ત કરી શકે છે. કમ્પ્યુટર અને ઈન્ટરનેટના આ યુગમાં આ સાધનો માહિતી પ્રાપ્ત કરવા માટે આશીર્વાદ રૂપ સાબિત થયા છે. માહિતીને દ્રશ્ય-શ્રાવ્ય સાથે પ્રદાન કરતી ટેકનોલોજી આજના માનવને પોકાર કરીને પૂછી રહી છે. "May, I Help You?" ટેકનોલોજીના ઉપયોગથી જ્ઞાનને વધુ ગુણવત્તાલક્ષી અને અર્થસભર બનાવી શકાય છે. પુસ્તકના પૂંઠાની વચ્ચેની માહિતી આપનાર શિક્ષક કરતા ટેકનોલોજીનો ઉપયોગ કરનાર આજના વિદ્યાર્થી પાસે વધુ માહિતી અને સંદર્ભો હોય છે. શિક્ષકનું જ્ઞાન એને ઉપરચોટિયું, નિરસ, અને છીછરું લાગે છે. આ કારણોને લીધે વર્ગખંડમાં અનેક સમસ્યાઓ ઊભી થવાની શક્યતાઓ રહેલી છે. જો શિક્ષક પુસ્તકિયા જ્ઞાનની સાથે ટેકનોલોજીના ઉપયોગ વગર માત્ર માહિતી આપશે, યોગ્ય સંદર્ભો આપશે નહિ તો આવા શિક્ષકો માટે વર્ગખંડમાં અસ્તિત્વનો પ્રશ્ન ઉપસ્તિત થશે. વિદ્યાર્થીને એ સમજાવવું જ જોઈએ કે મારા શિક્ષક પાસે પૂરતું જ્ઞાન છે. અને આધુનિકતા સાથે તાલ મેળવવાની ક્ષમતા છે.

વિદ્યાર્થીની વય, કક્ષા, સામાજિકતા અને ભાવાવરણને ધ્યાનમાં રાખી ટેકનોલોજીના ઉપયોગ સાથે શૈક્ષણિક કાર્ય કરાવનાર શિક્ષક વિદ્યાર્થીઓના આકર્ષણનું કેન્દ્ર બની રહેશે. શિક્ષકના અધૂરાં જ્ઞાનને માપી ચૂકેલાં વિદ્યાર્થીઓ શાળાએ આવવા કરતા શાળા છુટવાના ઘંટ સાથે ઘરે જવા માટે ઉત્સુક હોય છે. શાળાનાં વર્ગખંડોમાં વિદ્યાર્થીઓની સંખ્યા ઘટતી જાય છે. અને ટ્યુશનનાં વર્ગોમાં જાહોજલાલી વધતી જાય છે. માતા- પિતા અને વિદ્યાર્થીઓ શાળાની, શિક્ષકોની અને આચાર્યોની મર્યાદાઓ સમજીને બાળકના કારકિર્દી ઘડતર માટે યોગ્ય નિર્ણય કરતા હોય છે. શાળા તરફથી પ્રાપ્ત થતી નિરાશા માટે તેઓ કોને જવાબદાર ગણતા હશે? જો શિક્ષક વિદ્યાર્થી અને અભ્યાસક્રમને ધ્યાનમાં રાખી આધુનિકતમ શિક્ષણ આપવા પ્રયત્ન કરશે કો શિક્ષણ વધુ રસપ્રદ બનશે, વાલીઓની નિરાશા દૂર થશે. પરંતુ એના માટે શરત એ છે કે શિક્ષકે આધુનિક જ્ઞાન-કૌશલ્યો સાથે ટેકનોલોજીનો ઉપયોગ કરવાની ક્ષમતા કેળવવી પડશે. જ્ઞાન વિસ્ફોટના જમાનામાં શિક્ષકના અધૂરાં જ્ઞાનને આજના વિદ્યાર્થીઓ, વાલીઓ કે સમાજ સ્વકારવા તૈયાર નથી માટે જાગો શિક્ષકો, જાગો..... હાથમાં ચોક- દસ્તર લઈને આવતો શિક્ષક આઉટ્ડેટેડ બની ગયો છે. આજનો વિદ્યાર્થી હાથમાં લેપટોપ લઈને પૂરી તૈયારી સાથે વર્ગમાં આવતાં શિક્ષકો પાસે અધ્યયન કરવા આતુર છે. એ સમજે છે કે માઉસ અને કી બોર્ડના જમાનાથી પર પોઈન્ટરનો અને રિમોટનો જમાનો આવ્યો છે.

આજના શિક્ષકો જો પૂરતા જ્ઞાનથી સભર ન હશે તો આજના વિદ્યાર્થીઓ શિક્ષકને વર્ગખંડની બહાર કાઢી મૂકશે. શાળાની ભૌતિક સુવિધાઓની સાથે ટેકનોલોજીના જ્ઞાનથી સજ્જ શિક્ષકો પાસેથી આપવામાં આવતાં આધુનિક જ્ઞાન તરફ વાલીઓ અને વિદ્યાર્થીઓનું આકર્ષણ વિશેષ રહ્યું છે. જે હાલમાં આપણે જોઈ રહ્યા છીએ. ભાવિને સક્ષમ અને ચિરકાળ બનાવવું હોય તો, સંચાલકો, આચાર્યો અને શિક્ષકોએ વર્તમાન પેઢીને અનુરૂપ શિક્ષણ આપવા માટે તૈયાર રહેવાની તાતી જરૂરિયાત છે. આધુનિક જ્ઞાન અને ટેકનોલોજીના જ્ઞાનની સાથે આજના વિદ્યાર્થીને પ્રેમ, પ્રોત્સાહન અને પ્રેરણાની જરૂર છે. મૂલ્યલક્ષી શિક્ષણને શિક્ષક બાકાત ન રાખે તો સારું. શિક્ષકની ગેરહાજરીમાં વિદ્યાર્થી કદાચ જરૂરી માહિતી પ્રાપ્ત કરશે પરંતુ જીવનલક્ષી કૌશલ્યો, મૂલ્યો અને વલણો માટે એમને ચારિત્ર્યશીલ શિક્ષકની જરૂરિયાત તો રહેવાની જ છે.

**સ્વામી વિવેકાનંદ કહે છે.**



*"શિક્ષણ વડે વિદ્યાર્થીમાં ત્રણ બાબતો સિદ્ધ થવી જોઈએ."*

(૧) કામ કરી શકે એવા હાથની
(૨) કલ્પના કરી શકે એવા મગજની
(૩) સંવેદના અનુભવી શકે એવા હૃદયની

આ સમાજને જ્ઞાનવીર અને બુદ્ધિશાળી વ્યક્તિની જરૂર છે. પરંતુ આ સમાજને તેથી એ વધુ જરૂર કર્તવ્યનિષ્ઠ અને ચારિત્ર્યશીલ નાગરીકોની છે.

વ્યક્તિ, સમષ્ટિ કે રાષ્ટ્રના વિકાસ માટે આદર્શ નાગરિકનું ઘડતર જરૂરી છે. આદર્શ નાગરિકના મૂલ્યનિષ્ઠ શિક્ષણ માટે ચારિત્ર્યશીલ શિક્ષકની આવશ્યકતા છે,

આજનો શિક્ષક આધુનિક જ્ઞાનની સાથે કર્તવ્યનિષ્ઠ અને ચારિત્ર્યશીલ હશે તો એ સમાજને પોતાની દિવ્યતા અને ક્ષમતાથી વધુ તેજસ્વી અને ઉન્નત બનાવી શકશે. સમાજ આવા આધુનિક શિક્ષકને માન- સન્માન અને આદર આપવા હમેશાં આતુર હોય છે.

શિક્ષણથી જ્ઞાન- કૌશલ્ય, મૂલ્યો, વલણો અને ઉપયોગની સાથે સર્જનાત્મક શક્તિના વિકાસની તકો ઊભી કરવા માટેની સજ્જતાવાળો શિક્ષક વિદ્યાર્થી, સમાજ અને રાષ્ટ્ર માટે પ્રેરણાસ્રોત બની સન્માનને પાત્ર ઠરે છે.

**આધુનિક શિક્ષકની પ્રતિબદ્ધતાઓ આ હોઇ શકે:**

(૧) હું ટેકનોલોજીના જ્ઞાનથી સજ્જ થઇ જરૂરી સાધનોના પૂર્વ આયોજન સાથે વર્ગખંડમાં પ્રવેશ કરીશ.
(૨) 'વિદ્યાર્થી મારો દેવ છે' આવી ભાવના સાથે એની જિજ્ઞાસા તૃપ્તિ અર્થે યોગ્ય શિક્ષણ આપીશ.
(૩) વિદ્યાર્થીની વય, કક્ષા, સામાજિકતા અને ભાવાવરણને પ્રાધાન્ય આપી શૈક્ષણિક કાર્ય કરાવીશ.
(૪) હું મારો વિષય અને વિષયાંગને ધ્યાનમાં રાખી જીવનલક્ષી શિક્ષણ આપીશ.
(૫) હું શિક્ષણની સાથે જીવનમૂલ્યો, કૌશલ્યો, વલણોની સાથે સર્જનાત્મક શક્તિના વિકાસ માટેની તકો ઉભી કરીશ.
(૬) "વ્યક્તિ નહિ, રાષ્ટ્ર મહાન છે" રાષ્ટ્રભાવના માટે નાગરિકની ફરજોથી માહિતગાર કરી, કર્તવ્યનિષ્ઠ અને ચારિત્ર્યશીલ આદર્શ નાગરીકની ભેટ ધરીશ.
(૭) મારો વ્યવસાય એ પવિત્ર વ્યવસાય છે. યોગ્યતા દિવ્યતા, પવિત્રતા અને ભવ્યતા સાથે શાળામાં પ્રવેશ કરીશ.
(૮) મારી શાળા શ્રેષ્ઠ શાળા છે. તેને શ્રેષ્ઠતમ બનાવવા પ્રયત્ન કરીશ.
(૯) 'હું વર્ગને સ્વર્ગ બનાવીશ' – વિદ્યાર્થી કેન્દ્રી શિક્ષણ આપીશ.

"શિષ્ય દેવો ભવ"



**વિજયભાઇ આર. પટેલ**
શ્રીમતી એલ. પી. ડી. પટેલ સાર્વ. વિદ્યાલય, પુણા.
Vrp091@gmail.com,
http://vijaylpd.blogspot.in

# શાળા એજ બાળકનું બીજું ઘર છે?

આપણું બાળક.....!!!! આશ્ચર્ય થતો હશે કદાચ આ શીર્ષકથી. પરંતુ મિત્રો એ શબ્દોમાં તમારો, મારો, બાળકના માતા-પિતા, સ્વજનો, આડોશી-પાડોશી, સમાજ અને છેલ્લે તો એની શાળાનો પણ સમાવેશ થઈ જાય છે.

બાળક એ કોઈ સોફ્ટવેર નથી કે આપણે ઇચ્છીએ એવા ડેટા ઈનપુટ થઈ જાય. સીધી વાત કરું તો આપણી વાત પ્રમાણે જ વર્તે, બોલાવીએ તે જ બોલે. એ બાળકના પોતાના વિચારો પણ હોય છે, લાગણીઓ હોય છે. તો આપણે બધાએ એને એની પસંદગી માટે તક આપવી જોઈએ. હા હું એમ પણ નથી કહેતો કે એ જે કહે કે કરે એ સાચું જ હોય, પરંતુ આપણે સાચા પથદર્શક તો બનવું જોઈએ.

દિવાળીના પ્રસંગોએ અને નવા વર્ષના અભિનંદન પાઠવવા જ્યારે સ્નેહીજનો ભેગા થયા હોય ત્યારે મમ્મી બોલે " બેટા.... લિટલ... લિટલ....." ગીત સંભાળવતો અને દીકરી કે દીકરો સડસડાટ બોલી જાય. જ્યારે બધા વાહ! વાહ! કરે ત્યારે મમ્મીનો છુપો અહમ સંતોષાય કે જો મે મારા દીકરા કે દીકરીને કેવા તૈયાર કર્યા છે! પરંતુ સાચા અર્થમાં તે તેમના એ " લિટલ લિટલ ટ્વિંકલ સ્ટાર" એનું બાળક જ છે. શું તેઓ એને ખરેખર જાણે છે? માત્ર ગોખેલું જ્ઞાન સમય સાથે અદ્રશ્ય થઈ જાય છે.

શાળાએ ભાર વિનાનું ભણતર" એવું 'Vision and Mission' બતાવે છે પરંતુ એ બાળકની બેગ શું એને MISSION સુધી લઈ જાય છે?... ના મિત્રો. એક એક વિષયની બે-બે નોટ બનવાડાવવી....એમાય આવા 'લિટલ સ્ટાર' કે 'લિટલ ફ્લાવર' પાસે! તેવું કહી શકીએ કે એ સ્ટાર પછી ટ્વિંકલિંગ નહીં કરી શકે કે એ 'ફ્લાવર' ખીલી નહીં શકે. આપણને એનું બાળપણ ખર્ચી નાખવાનો કોઈ હક નથી. ચોકસથી એના ઉજ્જવળ ભવિષ્ય માટે હમેશા ચિંતા કરવી અને પ્રયત્નો કરતાં રહેવું પરંતુ તેના બાળપણના ભોગે નહીં.

સવારે જ્યારે હસતું – ખેલતું બાળક શાળાએ આવે અને પ્રથમ બેલ પડે ત્યારે 'જવું જ પડશે' એવી ભાવનાથી પોતાના ક્લાસ તરફ પ્રયાણ કરે છે. પરંતુ જ્યારે છેલ્લો લાંબો બેલ પડે છે ત્યારે એની પાંચ મિનિટ પહેલાથી તૈયાર થઈ જાય છે કે "મારે હવે ઘરે જવાનું છે" એવા આનંદથી હૃદયના ધબકારા પેલી ઘંટીના રણકારની સાથે નાચે છે. તો કેમ આવું મિત્રો...??? શું આપણે એવું વાતાવરણ શાળામાં પણ ન સર્જી શકીએ કે તે એ જ ઉત્સાહથી દોડતો શાળાએ આવે.....!!! એના માટે શાળાના તમામ અંગો જેવા કે શિક્ષક, પ્રિન્સિપાલ, ઈત્તરપ્રવૃતિના આયોજક કે બધા જ એમ સમજે કે આતો "આપણું બાળક છે". ત્યારે જ શક્ય બને અને ત્યારે જ બાળક પણ અનુભવ કરશે કે આતો મારૂ બીજું ઘર છે...."



**વિકાસ બી પટેલ**
મેનેજિંગ ડિરેક્ટર
V.I.P શિક્ષણ કેમ્પસ, નિકોલ, અમદાવાદ

વૈધાનિક સુચનાઃ ધી ઓપન પેજ, મંથલી ન્યુઝ પેપરમાં પ્રકાશિત સામગ્રીમાં લેખકોના પોતાના વિચાર છે. સંપાદક તથા પ્રકાશક એ સાથે સહમત હોય તે જરૂરી નથી.
ધી ઓપન પેજની સમાચાર સંબંધિત બધા જ વાદ – વિવાદ પ્રકાશન તારીખથી ૩ (ત્રણ) માસની અંદર માત્ર અમદાવાદ ન્યાયક્ષેત્રમાં થઇ શકશે.

# આવી રે આવી નાતાલ



વ્હાલા બાળકો,
આપ સર્વને મારા નમસ્કાર!
નાતાલ જેને ‘‘ક્રિસમસ’’ પણ કહેવાય છે. ‘‘ક્રિસમસ’’નું નામ સાંભળતા જ તમારા મનમાં સ્ટાર, સાન્તાક્લોઝ, કેક, ડેકોરેશન, અને પાર્ટી જેવા વિચારો આવે. ખરૂ ને? હા- બધું જ તમે ‘‘ક્રિસમસ’’ના દિવસે તથા તે સમયમાં જુઓ છો. પણ આજે, હું તમને ‘‘નાતાલ- ક્રિસમસ’’ ખરેખર શું છે તે જણાવું.
‘‘ક્રિસમસ’’ એટલે પ્રભુ ઈસુનો જન્મ. ખ્રિસ્તી સમુદાયનું ધાર્મિક પુસ્તક બાઈબલ છે. જેના બે ભાગો છે. જૂનો કરાર અને નવો કરાર નવા કરારમાં માથ્થી અને લૂક નામના લેખકોએ લખેલા બે પુસ્તકો છે. જેને સુવાર્ત પણ કહેવાય છે. તેના આધારે હું તમને ક્રિસમસનો અર્થ સમજાવું.

**દુતનું મરિયમને દર્શનઃ-** નાસરેય નામના ગામમાં એક કુમારિકા રહેતી હતી. તેનું નામ મરિયમ હતું. તેની સગાઈ યૂસફ નામના પુરૂષ સાથે થઈ હતી. ગાબ્રિયેલ નામનો સ્વર્ગીય દૂત આકાશમાંથી આવ્યો. તેણે મરિયમને દર્શન આપતા કહ્યું, ‘‘હે કૃપા પામેલી સુખી રહે. પવિત્ર આત્મા દ્વારા તું એક દિકરાને જન્મ આપશે. તું તેનું નામ ઈસુ પાડજે. જે લોકોને તેઓના પાપથી તારશે.’’ અચાનક દુતના દર્શન અને ઈસુના જન્મની વાત સાંભળીને પ્રથમ તો મરિયમ ગભરાઈ ગઈ. પણ પછી તેણે દુતને કહ્યું. ‘‘હું, આપની દાસી છું. તમારા કહ્યા પ્રમાણે થશે.’’

**પ્રભુ ઇસુનો જન્મઃ-** એ સમયે વસ્તી ગણતરી થતી હતી. યૂસફ પોતાની વેવીશાળી ગર્ભવતી સ્ત્રી મરિયમનું નામ નોંધાવવા બેથલેહેમ નામના ગામમાં ગયો. પણ ત્યાં ધર્મશાળામાં તેમના માટે કોઈ જગ્યા નહોતી. ઈસુના જન્મનો સમય થવા આવ્યો હતો. તેથી યુસફ મરિયમને લઈને જ્યાં પશુઓને બાંધવામાં આવે છે ત્યાં ગયો. જેને ‘‘ગમાળ’’માં મરિયમે એક સુદર બાળકને જન્મ આપ્યો. આ બાળકનું નામ દુતે કહેલ નામ પ્રમાણે ઈસુ પાડવામાં આવ્યું.

**પ્રકાશિત તારોઃ-** ઈસુના જન્મ સમયે આકાશમાં પૂર્વ દિશામાં એક પ્રકાશિત તારો જોવામાં આવ્યો. પૂર્વ દિશાના ત્રણ જ્ઞાની પુરૂષો એ તારાને જોઈને ઈસુના દર્શન કરવા આવ્યા. આ તારો આકાશમાં દિશા બતાવતો, ઈસુ જ્યાં જન્મયા હતા ત્યાં એટલે બેથલેહેમ નામના ગામમાં થંભ્યો, આ ત્રણ જ્ઞાની પુરૂષો સોનું, બોળ અને લોબાન જેવી ભેટો ઈસુ માટે લાવ્યા હતા. ગભાણમાં લુગડામાં લપેટેલા બાળ ઈસુના દર્શન તેમણે કર્યા અને તેમને ભેટોનું અર્પણ કર્યું. બાળ મિત્રો, હવે, આપને સમજાયું હશે કે ક્રિસમસના દિવસોમાં ખ્રિસ્તી લોકો તેમના ઘર આગળ શા માટે ‘તારો’ લટકાવે છે.

**ઘેટાંપાળકોને દુતના દર્શનઃ-** તે સમયે ઘેટાંપાળકો રાત્રે ખેતરમાં રહીને પોતાના ઘેટાં સાચવતા હતા. દુતે રાત્રે તેમને દર્શન આપીને કહ્યું કે ‘‘હું મોટા આનંદની સારી વાત તમને કહું છું. તમારે સારુ એક તારનાર એટલે ઈસુ પ્રભુ જન્મયા છે. જુઓ તેમને લુગડામાં લપેટીને ગમાળમાં સુવાડેલા છે.’’ આ ઘેટાંપાળકોએ પણ ગમાળમાં જઈને ઈસુના દર્શન કર્યા.

બાળ મિત્રો, આ હતી ‘‘ક્રિસમસ’’ની સત્ય વાત. ઈસુના જન્મની વધામણીની વાત. અંતમાં ઈશ્વરના પ્રેમની વાત કહીને વિરમું છું, ‘‘ઈશ્વર તમને અનહદ પ્રેમ કરે છે. એટલા માટે જ તેઓએ ઈસુને આ પૃથ્વી પર મોકલ્યા. જો માનવજાત તેમના પર વિશ્વાસ કરે તો તેમનો ઉધ્ધાર, મુક્તિ નિશ્ચિત છે. તેઓ સ્વર્ગના આશીર્વાદના ભાગીદાર છે.’’આપ સર્વને ‘‘હેપી ક્રિસમસ’’



**ઉષા ક્રિશ્ચિયન**
**એજ્યુકેટર,**
**ત્રિપદા હાઈસ્કૂલ, રત્નાપાર્ક,**
**અમદાવાદ**




જીવનનો પ્રેમ અન્ય તરફ વળે એ પ્રાર્થના છે, અને સ્વયમ તરફ વળે એ ધ્યાન છે. - સુભાષ ભટ્ટ

# "સર્વાંગી વિકાસ માટે 'અષ્ટપદી'"




"શિક્ષણ એક ત્રિવેણી સંગમ છે." ગંગા, યમુના, સરસ્વતી ત્રણેયના સંગમ જેવો. ગંગા એટલે Family, યમુના એટલે Society અને શિક્ષણ સંસ્થાઓ, અને સરસ્વતી એટલે શિક્ષક. આ ત્રણેય એક સ્થળે મળે એટલે ત્રિવેણી રચાય છે અને તીર્થધામ 'પ્રયાગરાજ'નું સર્જન થાય છે. શિક્ષણની ગુણવતા ઉંચી લાવવામાં કુંટુંબ, માતા-પિતાનો અદ્વિતીય ફાળો છે. માતાએ પ્રથમ શિક્ષક છે. માતા-પિતા જ્યારે ઉત્તમોત્તમ શિક્ષક બને ત્યારે વિદ્યાર્થીની શ્રેષ્ઠ પ્રગતિ થાય છે. બાળકના સર્વાંગી વિકાસ માટે માત્ર ટકાવારી કે માર્કસના ખ્યાલને વળગી રહેવાથી નહીં ચાલે. ટકાવારી કે માર્કસ ઉપરાંત મહત્વની બાબતો પણ તેના જીવન માટે જરૂરી છે. બાળકના વિકાસને તપાસવા 'સર્વાંગી વિકાસ'એ શિક્ષણનો માપદંડ હોવો જોઇએ.

આજનો યુગ 'જ્ઞાનયુગ' છે. બાળકનો સર્વાંગી વિકાસ એકલા પુસ્તકીય જ્ઞાનથી ન થઇ શકે તે માટે બીન અનેક મુદ્દાઓને વિશે આપણે વિચારવું જોઇએ, બાળકોના સર્વાંગી વિકાસ માટે "અષ્ટપદી" સમાન આઠ બાબતો છે. (૧) મનૌભૌતિક વિકાસ, (૨) માનસિક વિકાસ, (૩) સામાજિક વિકાસ, (૪) સાંસ્કૃતિક વિકાસ, (૫) નાગરિકત્વ વિકાસ, (૬) આર્થિક વિકાસ, (૭) નૈતિક વિકાસ, (૮) આધ્યાતમિક વિકાસ જેવી. આઠ બાબતો છે.

આંખ મીંચીને બાળકના ટકાની પાછળ લાગી ન જતાં તેના શારીરિક વિકાસનો પણ વિચાર કરીએ. આજના યુગમાં પોતાની સલામતી જાળવવાનું પણ શીખવુ પડશે. કુંટુબમાં માતા- પિતા સાંજે જમતી વખતે પોતાનાં બાળકો સાથે જે કાંઇ થોડી વાતચીત કરે છે, તેમાંથી બાળકની સંશ્લેષણ અને વિશ્લેષણની શક્તિનો વિકાસ થાય છે. સમાજ તરીકે આપણે (વાલી મિત્રો) સાંસ્કૃતિક વિકાસમાં મોટો ફાળો આપી શકે છે. કલા, સંગીત, ડાન્સ, અભિનવ અને પોતાના આસપાસના જગતનું અને વારસાનું જ્ઞાન પુરું પાડી શકે છે.



**નિમિષાબેન સથવારા**
**આચાર્ય, ત્રિપદા હાઇસ્કૂલ, રત્નાપાર્ક, અમદાવાદ**

# સાન્તા કલોઝ કોણ છે...?



ક્રિસમસની ઉજવણી અત્યારે ચાલી રહી છે, ખાસ કરીને પશ્ચિમના દેશોમાં તો ચાલો આપણે પણ તેમની ખુશીમાં સામેલ થઇ જઇએ. આપણાં ત્યાં તો માત્ર ૨૫મી ડીસેમ્બરે જ નાતાલ ઉજવાય છે. પણ ખરેખર તો આ તહેવાર પણ આપણી દીવાળી જેવો જ અને લાંબો તહેવાર છે. સાચું કહુ તા આ ખ્રિસ્તી લોકોની દિવાળી જ છે. આ તહેવારની પણ કેટલીયે દંતકથાઓ છે. તેમાં અત્યારે આ ભગવાન ઈસુના જન્મદીન તરીકે મનાવાય છે. વળી બાળકો માટે તો તેમના વ્હલા સાન્તાકલોઝ કોણ છે. તેની સમજ આપે છે જે કોણે મોકલેલ છે તે તો યાદ નથી પણ રજું કરું છું તો પછી આપ પણ મારી સાથે સાન્તાકલોઝ બનવા તૈયાર થશોને.

**સમયના વિરાટ ફલક પર અમુક સો વર્ષ એ બહુ મોટો ફરક નથી, અને એમ ગણીને કહીએ તો....**



થોડાં વર્ષો પહેલાં એક માણસથી રહેવાયું નહી. આ દુનિયાની તકલીફો અને મુશ્કેલીઓ જોઇને, એણે ભગીરથ કામ હાથ ધર્યું કે લોકોને એમનાં જીવનમાં વધારે નહી તો એક દિવસની ખુશી પણ જો પોતે આપી શકે તો ઘણું થયું અને બસ, એ ઉપડી પડ્યો.. લોકોનાં જીવનમાંથી તકલીફોનું અંધારું દૂર કરવા અને એના માટેનો સમય પણ એણે.. રાતનો જ પસંદ કર્યો..! એ જતો અને લોકોને એમની હાલત-દશા જોઇને એમને જે કંઇ વધારે કામ લાગી શકે એ વસ્તુ આપી આવતો. અને એમ કરતાં કોઇનું સ્વમાન ન ઘવાય એ માટે પેલો માણસ કોઇને કંઇ પણ કહ્યા વગર મદદ કરી આવતો રાતનાં આંધારામાં સવારે લોકો જ્યારે જોતાં ત્યારે મનોમન ઈશ્વરને યાદ કરતાં એ મદદ માટે જે કોઇ ઈશ્વરે નહિ પેલાં માણસે કરી હતી. અને છતાં ક્રેડીટની અપેક્ષા વગર પેલો માણસ એ બધાંને ખુશ થતાં જોઇને પોતે પણ ખુશ થઇ જતો...!!!

ખેર, સમય જતો ગયો અને પેલો માણસ કદાચ ગુજરી ગયો. પણ એનાં આ કામને બીજા એના જેવા જ લોકોએ ઉપાડી લીધું અને બસ, કામ લાગતાં ગયાં, બધાંને પેલો માણસ પછી તો સાન્તાકલોઝ કહેવાયો. અને અત્યારે આપણે બધાં જે કાંઇ પણ સારું જોઇએ છીએ દુનિયામાં એ આવા માણસોના કામનું પરીણામ છે. આપણે પણ હાસ્ય વડે બધાનાં જીવનમાં જો થોડો પ્રકાશ લાવી શકીએ તો આપણે પણ સાન્તાકલોઝ કહેવાઇશું. છેવટે તો એ કોઇ માણસનું નામ નથી. એ તો એવા સ્વભાવનું નામ છે. તમને બધાંને સાન્તાકલોઝ બનવાની આ મૌસમ માટે..... Merry Cristmas

# ગુજરાતી લોકો શા માટે ગ્રેટ હોય છે ? આ વાંચો

**નવી દિલ્હીઃ** સામાન્યપણે ગુજરાતીઓને શું શા પૈસા ચાર કહીને ઉતારી પાડવામાં આવતા હોય છે, પરંતુ જાણીને નવાઈ લાગશે કે સમગ્ર વિશ્વમાં લગભગ તમામ ક્ષેત્રમાં ગુજરાતીઓએ નામના મેળવી છે. માનવામાં ન આવતું નેશનલ કાઉન્સિલ ઓફ અપ્લાઈડ ઇકોનોમિક રિસર્ચનો અહેવાલ જોઈ લો. આ રહ્યા, રિપોર્ટના મુખ્ય મુદ્દાં



- ભારતમાં સૌથી તવંગર શહેરો જો કોઈ હોય તો એ છે સુરત. ઘરદીઠ વાર્ષિક આવક રૂ. ૪.૫ લાખ.
- વિશ્વમાં વેચાતા હીરા પૈકી ૮૦ ટકા હીરા સુરતમાં પોલિશ થાય છે.
- તેલ અવિવ-જેરુસલેમમાં હીરાના બજારમાં યહૂદી સિવાય જો કોઈ હોય તો એ છે ગુજરાતીઓ.
- ૨૦૦૪-૨૦૦૫ તથા ૨૦૦૭-૨૦૦૮ દરમિયાન સુરતમાં મધ્યમ વર્ગીની સંખ્યા બમણી થઈ ગઈ છે અને બીજા છેડે ગરીબોની સંખ્યામાં ત્રીજા ભાગનો ઘટાડો નોંધાયો.
- ભારતનું પાંચમું ધનાઢ્ય શહેર છે અમદાવાદ. તેના પછી મુંબઈ, દિલ્હી અને કલકતાનો નંબર આવે છે.
- દેશમાં કામદારોના આંદોલનને કારણે માનવકલાકનો વેડફાટ ગુજરાતમાં સૌથી ઓછો છે.
- ગુજરાતના કુલ ૧૮,૦૪૮ ગામ પૈકી ૧૭,૯૪૦માં વીજળી છે.



- વિશ્વની સૌથી વિશાળ ઓઈલ રિફાઈનરી રિલાયન્સની માલિકીની જામનગરમાં આવેલી છે. ત્યાં દિવસમાં ૬,૬૦,૦૦૦ બેરલ ઓઈલ રિફાઈન્ડ થાય છે અને આ વર્ષના અંત સુધીમાં તેની ક્ષમતા બમણી થવાની છે.

- ભારતનું 30 ટકા કપાસનું ઉત્પાદન ગુજરાતમાં છે અને ૪૦ ટકા આર્ટ-સિલ્કનું ઉત્પાદન સુરતમાં થાય છે.



- વિશ્વભરમાં ડેનિમનું સૌથી વધારે ઉત્પાદન કરવામાં અમદાવાદની અરવિંદ મિલ ત્રીજા ક્રમાંકે આવે છે.
- કેપીએમજી રિપોર્ટ મુજબ ભારતનો ચાલીસ ટકા ફાર્મસી ઉધોગ ગુજરાતમાં આવેલો છે.
- છેલ્લા બાર વર્ષથી ગુજરાતનો જીડીપી ચીનની જેટલી જ ઝડપથી વાર્ષિક ૧૨ ટકાના સ્તરે વિકાસ પામે છે.
- ભારતના સૌથી ધનિક વ્યક્તિમાં ગણનાપાત્ર ઠરતા મુકેશ અંબાણી ગુજરાતી છે.
- ભારતના પચ્ચીસ ધનકુબેરમાં દસ ગુજરાતી છે.
- વ્યવસાય ક્ષેત્રમાં નામના કાઢનાર પારસી, જૈન, મેમણ વાણિયા, ખોજા અને વ્હોરા જેવી અમુક શ્રેષ્ઠ કોમની ખાલી ગુજરાતી છે.
- ભારતમાં ગુજરાતીઓની વસ્તી ૫.૫ કરોડ છે. જે કુલ વસતિ પૈકી પાંચ ટકા છે અને માત્ર છ ટકા વિસ્તારમાં રહે છે, પરંતુ ભારતના સ્ટોકમાં 30 ટકા જેટલી માલિકી ધરાવે છે.
- ભારતની કુલ નિકાસમાં ગુજરાતીઓનો હિસ્સો ૧૬ ટકા અને જીડીપીમાં ૧૭ ટકા હિસ્સો છે.

# શું તમારે પણ ધી ઓપન પેજમાં લખવું છે? લેખક બનવું છે?

ધી ઓપન પેજ સામયિકમાં સ્કુલના પ્રિન્સિપાલ, શિક્ષકો, વિદ્યાર્થીઓ, વાલીઓ તેમનું મૌલિક લખાણ મોકલી શકે છે. ધી ઓપન પેજ, આપને લખવા માટે જગ્યા આપશે અને આપના વિચારો લાખ્ખો વિદ્યાર્થીઓ સુધી પહોંચાડશે.આપ શિક્ષણ જગત કે વિદ્યાર્થીઓને લગતા કોઇ પણ વિષય ઉપર મૌલિક લખાણ મોકલી શકો છો, જો કે ધ્યાન એ વાતનું રાખવાનું કે આપ જે કાંઇ મૌલિક લેખ કે સમાચાર મોકલો તેમાં કોઇ વિવાદીત લખાણ ના હોવું જોઇએ.




શાળાના વિદ્યાર્થીઓએ જાતે દોરેલા ચિત્રો, જોક્સ, વાર્તા, કે સ્કુલમાં થતી જુદી જુદી પ્રવૃત્તિઓના સમાચાર વિદ્યાર્થીઓ મોકલી શકે છે.

આપની સ્કુલમાં અભ્યાસ ઉપરાંત થતા જુદા જુદા કાર્યક્રમોના ફોટા સાથેના સમાચાર ધી ઓપન પેજને કોમ્પ્યુટરમાં વર્ડ ફાઇલમાં ગુજરાતીમાં, ભાષા ભારતી ગોપીકા ટુ ફોન્ટ કે પછી ગોપીકા ટુ ફોન્ટમાં મોકલી શકો છો.ધી ઓપન પેજમાં જગ્યા હશે તે પ્રમાણે આપની સ્કુલના સમાચારને યોગ્ય રીતે સ્થાન આપવાનો પ્રયાસ કરવામાં આવશે. ધી ઓપન પેજમાં આપની સ્કુલના સમાચાર કે મૌલિક લેખ ઈ-મેઈલ આઇડી theopenpage@tripada.com ઉપર મોકલી શકો છો.આ ઉપરાંત આપ ધી ઓપન પેજનો નીચેના સરનામે સંપર્ક કે પત્રવ્યવહાર કરી શકો છો.

ધી ઓપન પેજ, ૪થો માળ, વિશ્વ આર્કેડ, કુમકુમ પાર્ટીપ્લોટ સામે, અખબારનગર સર્કલ પાસે, નવાવાડજ, અમદાવાદ – ૩૮૦૦૧૩. ફોન નંબર – ૦૭૯ – ૨૭૬૨૧૩૮૫-૮૬.

**શાળાના વિદ્યાર્થીઓએ જાતે દોરેલા ચિત્રો, જોક્સ, વાર્તા, કે સ્કુલમાં થતી જુદી જુદી પ્રવૃત્તિઓના સમાચાર કોઈ પણ શાળા ધી ઓપન પેજને મોકલી શકે છે**

# ભારતના ધાર્મિક, ઐતિહાસિક, પ્રસિદ્ધ સાત પર્વતો

ભારતની ભૌગોલિક વિવિધતા તેમાં રહેલી પવિત્ર નદીઓ અને પર્વતોમાં રહેલી છે. પવિત્ર નદીઓ વિશે આપણે જોઈ ગયા. આ નદીઓના પિયર એટલે કે ઉદ્ગમસ્થાન એવા પહાડ-પર્વતો પણ ભારતીય એકાત્મતાના પ્રતિક છે. આ પહાડ આપણને ગમે તે પરિસ્થિતિમાં અચલ તેમજ સ્થિતિપ્રજ્ઞ રહેવાની પ્રખર પ્રેરણા આપે છે. આમ તો ભારત દેશમાં અનેક પર્વતો છે, જે દરેકનું પોતાનું આગવું મહત્વ છે. ધાર્મિક, ઐતિહાસિક, પૌરાણિક, ભૌગોલિક તથા લશ્કરી દ્રષ્ટિએ આ પર્વતો ખૂબ જ વંદનીય છે. અહીં આપણે મુખ્ય સાત પર્વતોની વાત કરીશું.



**હિમાલય:** હિમાલય વિશ્વનો સૌથી ઊંચો પર્વત છે. જેમાં અનેક હિમાચ્છાદિત શિખરો, હિમ નદીઓ તથા ઊંડી ખીણો છે. અહી દેવ-દેવીઓનો વાસ હોવાથી જ મહાકવિ કાલિદાસે તેનો 'દેવાત્મા' નામથી ઉલ્લેખ કર્યો છે. સિન્ધુ, ગંગા, સતલજ, ગંડકી અને બ્રહ્મપુત્રા વગેરે નદીઓનું તે ઉદ્ગમસ્થાન છે. બદ્રીનાથ, કેદારનાથ, કૈલાસ માનસરોવર, વૈષ્ણવ દેવી અને અમરનાથ વગેરે સેંકડો પવિત્ર સ્થળો હિમાલયમાં છે. અનેક ઋષિઓની તે તપોભૂમિ છે. વિશ્વનું સૌથી ઊંચુ શિખર એવરેસ્ટ (સરગમાથા) હિમાલય પર આવેલું છે. કાંચનજંઘા, નંદાદેવી, ગૌરીશંકર, ધવલગિરી વગેરે પણ હિમાલયના અન્ય ઊંચા શિખરો છે. ઋગ્વેદ અનુસાર હિમાલય ઈશ્વરની મહાનતાનો પરિચાયક છે.



**વિંધ્યાચલ:** ભારતના મધ્યભાગમાં ગુજરાતથી લઈને બિહાર અને ઓરિસ્સા સુધી આ પર્વત વિસ્તરેલો છે. ચંબલ, ક્ષિપ્રા, બેતવા કેન, બનાસ અને સોન વગેરે આ પર્વતમાળામાંથી નીકળે છે. નર્મદા નદીનું ઉદ્ગમસ્થાન અમરકંટક વિંધ્યાચલ અને સાતપુડા પર્વતમાળાને પરસ્પર સ્પર્શે છે. નાગોદ (ચૂનાનો પથ્થર) તથા પન્નાની પ્રસિદ્ધ ખાણો પણ આ પર્વતમાળામાં આવેલી છે. વિંધ્યવાસિની (મિર્જાપુર,) મહાકાલી મંદિર (કાલીખોહ), અષ્ટભુજા દેવી જામાં તીર્થસ્થાનો અને અંતર્ગત આવે છે. દુર્ગા સપ્તસતી, દેવી ભાગવત તથા સ્કન્દપુરાણમાં આ પર્વત અંગે ઉલ્લેખ મળે છે.



**સહ્યાદ્રિ:** ભારતના પશ્ચિમકિનારાની સાથે ગુજરાત, મહારાષ્ટ્ર તથા કર્ણાટક રાજ્યમાં સહ્યાદ્રિ પર્વતમાળાનો વિસ્તાર છે. દક્ષિણ ભારતની મુખ્ય નદીઓનું ઉદ્ગમસ્થાન આ પર્વતમાળા અંતર્ગત છે. છત્રપતિ શિવાજી મહારાજ સાથે સંબંધિત કેટલાયે કિલ્લાઓ અને શઈવાજી મહારાજની સમાધિ આ પર્વતનો ઐતિહાસિક વારસો છે. બ્રહ્માજીએ સૃષ્ટિની શરૂઆતમાં અહી યજ્ઞ કર્યો હતો. બે રાક્ષસ-અતિબલ અને મહાબલે યજ્ઞમાં મુશ્કેલીઓ ઊભી કરી તો વિષ્ણુ અને ભગવતીએ તેને મારીને યજ્ઞ નિર્વિઘ્ને પૂર્ણ કરાવ્યો હતો. ભગવાન વિષ્ણુ અહીં. અતિબલેશ્વર, બ્રહ્મા કોટીશ્વર તથા શંકર મહાબળેશ્વરના રૂપમાં બિરાજમાના થઈ આજે પણ પ્રતિષ્ઠિત છે.



**રૈવતક (ગિરનાર):** ગુજરાતના જુનાગઢ જિલ્લામાં આવેલા ગિરનાર પર્વતને રૈવતક તરીકે પણ ઓળખવામાં આવે છે. તે પવિત્ર પ્રભાસ સુધી ફેલાયેલો છે. જૈન સંપ્રદાયના પાંચ પવિત્ર તીર્થોમાંનો એક શત્રુંજય પણ આ પર્વતના ભાગરૂપે ગણાય છે. માઘ કવિએ રચેલા ગ્રંથ 'શિશુપાલવધ'માં તેનું સુંદર વર્ણન કરવામાં આવ્યું છે. સોમનાથ જ્યોતિલિંગ અહીંથી થોડે દૂર વેરાવળમાં આવેલું છે. રૈવતક પર્વત શિવજીને પ્રિય હોઈ તેમણે અન્ય દેવતાઓને પણ અહીં આમંત્રિક કરી રહેવા માટે રાજી કર્યા હતા. દેવદિવાળી પર અહી શ્રદ્ધાળુઓ લાખોની સંખ્યામાં આવે છે. અને પવિત્ર ગિરનાર પર્વતની પરિક્રમા કરે છે, જેને 'લીલી પરિક્રમા' કહેવામાં આવે છે. આવી જ રીતે દર વર્ષે મહાશિવરાત્રીના તહેવાર દરમિયાન અહી અનેક ધાર્મિક પડાવો (રાવટીઓ) નંખાય છે. જેમાં ચાર-પાંચ દિવસ સતત ભજન અને ભોજન થાય છે. મેળાની પૂર્ણાહુતી એટલે કે મહાશિવરાત્રીના દિવસે રાત્રે નાગાબાવાઓનું સરઘસ નીકળતું સરઘસ ખૂબ જ ધાર્મિક મહત્વ ધરાવે છે. સરઘસ પૂર્ણ થતા આ ધાર્મિક મેળો સંપન્ન થાય છે. ગિરનાર પર્વતની તળેટીમાં જૂનાગઢ શહેર ધાર્મિક, ઐતિહાસિક તથા પૌરાણિક દ્રષ્ટિએ અનેરું મહત્વ ધરાવે છે.



**અરવલ્લ:** દિલ્લીના દક્ષિણ છેઢાથી શરૂ થઈને હરિયાણા, રાજસ્થાન, ગુજરાત સુધીની દક્ષિણ પશ્ચિમ દિશાએ અરવલ્લી પર્વતમાળા ફેલાયેલી છે. તે વિશ્વની પ્રાચીન પર્વતમાળા પૈકી એક છે. આ પર્વત મહારાણા પ્રતાપના બલિદાન, કર્તૃત્વ અને શોર્યનો સાક્ષી છે. અરવલ્લીનું સર્વોચ્ચ શિખર આબુ (અર્બુદાયલ) છે. જૈત્તીર્થો તરીકે તે જાણીતું છે. 'પરીયાત્ર' તેનું સંસ્કૃત નામ છે.



**મહેન્દ્ર:** ઉત્કલ પ્રદેશનો આ મુખ્ય પર્વત ગંજામ જિલ્લામાં ફેલાયેલો છે. ભારતના પૂર્વ કિનારા પર આવેલી પૂર્વી ઘાટ પર્વતમાળાનો તે ઉત્તરી છેડો અને ઊંચો પર્વત છે. સમુદ્રતટથી તેની ઊંચાઈ આશરે ૧૫૦૦ મીટર છે. ગોકણેશ્વર મંદિર અહીનું સૌથી મુખ્ય મંદિર છે. રાજેન્દ્ર ચોલે પોતાના વિજયની યાદમાં આ પર્વત પર એક સ્તંભ બંધાવ્યો છે. સાત ચિરંજીવીઓમાંના એક ભગવાન પરશુરામનો વાસ આ પર્વત પર છે.



**મલય:** કર્ણાટકના દક્ષિણ ભાગ તથા તમિલનાડુ રાજ્યમાં મલય પર્વત આવેલો છે. ભારતીય સાહિત્યમાં અનેક કવિઓએ મલયગિરિનું વર્ણન કર્યું છે. અહીં ચંદનના ગાઢ જંગલો છે. અનેક સુવાસિત ઔષધિઓ તથા મરીમસાલા ખેતી અહીંના ઢોળાવો પર કરવામાં આવે છે. તેનું બીજું નામ નીલગિરી છે. કેટલાય ઋષિમુનીઓએ અહીં તપસ્યા કરી છે.

## એફ.ડી. એજ્યુકેશન કેમ્પસ જુહાપુરા ખાતે સઈદ મોહમ્મદ શેખ મેમોરીયલ મેથેમેટીકલ પઝલ્સ લાયબ્રેરીનો પ્રારંભ



૧૫ ઓક્ટોબર એપીજે અબ્દુલ કલામના જન્મદિવસે એફ.ડી. એજ્યુકેશન કેમ્પસ જુહાપુરા ખાતે શાળાના પૂર્વ શિક્ષક અને એકલવ્ય ઇનોવેટીવ ટીચર્સ એવોર્ડ વિજેતા મહરુમ સઇદ મોહમ્મદ શેખ મેમોરીયલ મેથેમેટીકલ પઝલ્સ લાયબ્રેરીનો પ્રારંભ Intertek સંસ્થાના સાઉથ એશીયન રીજીયોનલ હેડ સુશ્રી મધુમીતા ગુહાના હસ્તે થયો. આ પ્રસંગે ગુજરાત ગણિત મંડળના પ્રમુખ શ્રી એન. એન. રોધેલીયા તથા એફ.ડી. એજ્યુકેશન સોસાયટીના ચેરમેનશ્રી શફીભાઇ મણીયાર તથા અજ્યુકેશન ડાયરેક્ટર શ્રીમતી શરીકુન્નીશાં કાઝી અને ગણિત મંડળના સભ્યો આશીષ જોષી, હિતેષ પંડ્યા, ચીમનભાઇ સુથાર તથા સઇદ મોહમ્મદ શેખ સાહેબના પરિવારજનો ઉપસ્થિત રહ્યા હતા. શિક્ષણ જગતમાં અનોખી એવી પઝલ્સ લાયબ્રેરીમાં ૧૦૦ કરતા વધારે ગણિત કોયડા (Puzzles) તથા ગણિત મોડેલ્સ અને ૨૦૦ જેટલા ગણિતના પુસ્તકોનો સંગ્રહ છે, જેના આધારે નવા બાળકો અને શિક્ષકો માટે ગણિત વર્કશોપનું પણ આયોજન કરી શકાશે. મેથેમેટીકલ પઝલ્સ લાયબ્રેરીના નિર્માણ માટે શાળાના ગણિત શિક્ષકો શ્રી. યુસુફ ખટુંબરા તથા શ્રી શકીલ મણીયાર ને મ. શિક્ષકો શ્રી એન.પી.શેખ તથા શ્રી એ.પી. માલવત અને ગ્રંથપાલ શ્રી નહીમ અબ્બાસીનો સહયોગ પ્રાપ્ત થયો હતો. શાળાના સુપરવાઇઝર શ્રી જી.એચ.રાઠોડ તથા આચાર્યશ્રી મોહમ્મદ હુસેન ગેણા શાળામાં મેથેમેટીકલ પઝલ્સ લાયબ્રેરીના નિર્માણ માટે એફ.ડી. એજ્યુકેશન સોસાયટીના સહયોગ માર્ગદર્શન તથા પ્રોત્સાહન માટે આભાર માને છે.

## એફ.ડી. સ્કૂલ, જુહાપુરાના બાળકોએ ડૉ. તેજસ નાઈક હેરીટાજ ટાઉસ મ્યુઝીયમની મુલાકાત લઈ હેરીટેજ વીકની ઉજવણી કરી



એફ.ડી. જુહાપુરાના એફ. ડી. યુનેસ્કો હેરીટેજ કલબના બાળકોએ હરીટેજ વીકની ઉજવણી નિમિતે ડો. તેજસ નાઇક હેરીટેજ મ્યુઝીયમની મુલાકાત લીધી. ડો. તેજસ નાઇક દ્વારા તેમના ઘરમાં જ વિશિષ્ટ રીતે વિવિધ કલેક્શનની ગોઠવણી કરી ઘરમાં જ મ્યુઝીયમની રચના કરેલ છે. જેથી તેને houseum ના નામથી પણ ઓળખવામાં આવે છે. તેમના અદ્દભુત કલેક્શનમાં વિવિધ પ્રકારના લેમ્પસ, વુડ કાર્વિંગ, કેમેરા, પોટસ, સમોવર, કેટલી, ટેલીફોન, બેલ્સ, ગ્રામોફોન, ઓલ્ડ મેન્યુસ્ક્રીપ્ટનો સમાવેશ થાય છે. તે ઉપરાંત વિવિધ આર્ટના નમુના, ટપાલ ટિકિટનો અલ્પ સંગ્રહ, સિક્કાઓનો વિશિષ્ટ સંગ્રહ પણ જોઇને વિદ્યાર્થીઓને અનોખુ જ્ઞાન પ્રાપ્ત થયું. મુલાકતની યાદગીરી માટે એફ.ડી.શાળા તરફથી વર્લ્ડવોર સમય વેળાની ઘડિયાળ (એન્ટીકપીસ) મોમેન્ટો રૂપે ડો. તેજસ નાઇકને આપવામાં આવી. આ ઘડિયાળ શાળાના પૂર્વ વિદ્યાર્થી દિનાજ અવાડીયાને એકસચેન્જ પ્રોગ્રામ હેઠળ અમેરિકા ખાતેના શિક્ષણ દરમ્યાન તેના હોસ્ટ ફેમીલીના ગ્રાન્ડ ફાધર દ્વારા પ્રાપ્ત થઇ હતી. આજની મુલાકાત પ્રવૃતિમાં શાળાના આચાર્યશ્રી મોહમ્મદ હુસેન ગેણાની સાથે શાળાના મ. શિક્ષકો શ્રી એન. પી.શેખ, શ્રી શોએબ તીરમીજી, શ્રી ઐયુબ મનસુરી, શ્રી અબ્દુલ સઇદ માલવન જોડાયા હતા. કાર્યક્રમ માટે સેરેનીટી લાયબ્રેરીના શ્રી હાસીબ શેખનો સહયોગ પ્રાપ્ત થયો હતો.

## એફ.ડી. સ્કૂલ, જુહાપુરા ખાતે યોજાયેલ જિલ્લા કક્ષાનો વિજ્ઞાન- ગણિત – પર્યાવરણ પ્રદર્શન





જી.સી.ઇ.આર.ટી. ગાંધીનગર પ્રેરિત શ્રી મહાલક્ષ્મી જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન- અમદાવાદ (ગ્રામ્ય) અને જીલ્લા પંચાયત શિક્ષણ સમિતિ- અમદાવાદ (ગ્રામ્ય) ના સંયુક્ત ઉપક્રમે એફ.ડી. હાયર સેકન્ડરી સ્કૂલ- મક્તમપુર, સરખેજ રોડ, જુહાપુરા ખાતે પ્રાથમિક વિભાગનું જિલ્લા કક્ષાનું વિજ્ઞાન- ગણિત- પર્યાવરણ પ્રદર્શન યોજવામાં આવ્યું જે પ્રસંગે મુખ્ય મહેમાન પદે પંકજભાઇ પટેલ (પ્રેસિડંન્ટ- એબેલોન કલીન એનર્જી) તથા અતિથિ વિશેષ પદે શ્રી કરીન લાખાણી- ઝછ અને શફીભાઇ મનીઆર (ચેરમેન શ્રી- એફ.ડી. એજ્યુકેશન સોસાયટી) ઉપસ્થિત રહ્યા હતા. સંસ્થાના પ્રમુખશ્રી અબ્દુલ રહીમ શેખ તથા સંસ્થાના હોદ્દેદારો સહિત કારોબારી સભ્યો પણ હાજર રહ્યા હતા. જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી શ્રી પી.એ.ઝલુ તથા જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનના આચાર્ય શ્રીમતી એન. પી.રાવલની ઉપસ્થિતિમાં યોજાયેલ પ્રદર્શનમાં અમદાવાદ જિલ્લાના વિરમગામ, ધોળકા, ધંધુકા, દેત્રોજ સહિતના ૯ તાલુકાની વિજેતા કૃતિ બાળ વિજ્ઞાનીઓ તથા માર્ગદર્શક શિક્ષકો દ્વારા રજુઆત પામી હતી. સમગ્ર કાર્યદળ માટે એફ. ડી. શાળાના મ.શિક્ષક શ્રી એન.પી.શેખ અને તેમની ટીમ દ્વારા થયેલ સુંદર આયોજનથી સમગ્ર કાર્યદળ સફળ રહ્યો હતો.

દુનિયાના ભલા માટે નહિ, મજા પડે એ માટે લખો. લેખન એ કોઈ સિરિયસ પ્રોસેસ નથી. ઈટસ જોય એન્ડ સેલિબ્રિટી -રે બ્રેડબરી

# ક્રિસમસ ખ્રિસ્તી ધર્મના લોકો માટે મહત્વનો દિવસ ગણાય છે



"ક્રિસમસ" શબ્દ "ક્રાઇસ્ટેસ મેસે" અથવા "ક્રાઇસ્ટ માસ" માંથી આવ્યો છે. ક્રિસમસ તહેવારની શરૂઆત ઇસુ ખ્રિસ્તના જન્મ સાથે થઇ હતી. ઇસુ ખ્રિસ્તનો જન્મ ૨૫ ડિસેમ્બરના રોજ થયો હતો. ક્રિસમસ તહેવારએ ખ્રિસ્તી ધર્મના લોકો માટે ઇસુ ખ્રિસ્તના જન્મ દિવસની ઉજવણી તરીકે ઉજવવામાં આવે છે. ક્રિસમસ ખ્રિસ્તી ધર્મના લોકો માટે મહત્વનો દિવસ ગણાય છે. ઇસુ ખ્રિસ્તને દેવના દિકરા અને દુનિયાના તમામ લોકોને બચાવવા માટે જન્મ લીધો છે.

ઇસુ ખ્રિસ્તના જન્મ સાથે ખ્રિસ્તી ધર્મની પણ શરૂઆત થઇ આ સાથે ક્રિસ્મસ તહેવાર પર ઇસુ ખ્રિસ્તના જન્મ દિવસની ઉજવણી કરવામાં આવે છે. ક્રિસમસના તહેવાર પર લોકો ઘર અને ક્રિસમસ ટ્રિને સુંદર લાઇટ લગાવીને સુશોભિત કરે છે અને એક બીજાને વિવિધ ભેટ અને "મેરી ક્રિસમસ"ની શુભેચ્છા આપીને દિવસની ઉજવણી કરે છે. ક્રિસમસના દિવસે સાંસ્કૃતિક કાર્યક્રમોનુ ઓયોજન કરીને તહેવારની ઉજવણી કરે છે. ક્રિસમસની રજા વિશ્વના બધા જ લોકો દ્વારા ઉજવવામાં આવે છે.



જિંગલ બેલ્સ, જિંગલ બેલ્સ, જિંગલ ઓલ ધ વે! ક્રિસમસનો તહેવાર ચળકાટ, પ્રકાશ, ખોરાક, પ્રેમ, ભેટ, અને આંનદ સાથે સમગ્ર પૃથ્વી પર જાદુઇ સ્પર્શ છવાઇ જાય છે. સમગ્ર વાતાવરણમાં એક ખુશીનો માહોલ છવાઇ જાય છે અને દરેકને ખુશી એને આનંદ મય બની જાય છે. ક્રિસમસના તહેવારમાં દરેક વ્યક્તિનો ગમતી એક વાત જે ચમકતી આંખો સાથે ભેટ અને કાર્ડની રાહ જોઇ રહેલા બાળકો ના ચહેરા પર જોવા મળતુ સ્માઇલ છે. કારણ કે સાન્તાક્લોઝ પાસે તેમના માટે ચોકલેટ, કેન્ડી, કેક, જેવી એનેક ભેટ વધુ પ્રમાણમાં હોય છે. ક્રિસમસના દિવસે બાળકો ભેટને ખોલતા બોળકોને આનંદમાં જોઇને વડિલો પણ ખશુ જોવા મડે છે.



હું સ્કૂલેથી ઘરે જવા માટે રસ્તામાં છું અને મને જો સાન્તાક્લોઝ મળે તો મારી ઇચ્છાઓ નીચે મુજબ હોય.

- મને દસમાં ધોરણમાં 99.99PR આવે અને મમ્મી પપ્પાનું સપનું પૂરૂ કરી શકું.
- મારું મિત્ર વર્તૂળ એવું હોય જે મને હંમેશા સહકાર રૂપ બને.
- જે લોકો ગરીબ છે તેની ઇચ્છા પૂરી થાય.
- દેશમાં બધા સારી નોકરી અને શિક્ષણ મેળવે.
- ધોરણ દસમાં સારા માર્ક આવે અને વિજ્ઞાન પ્રવાહમાં જઇ ડોક્ટર બનું.
- મારી ઇચ્છા છે કે હું મારા પગભર ઉભી થાવ અને મારી મમ્મીએ જે સંસ્કાર દીધા હોય તેનું પાલન કરું અને તેનું નામ ગર્વથી ઉચું કરી દવ.
- અને આગળ જતા હું મારી બધી મનોકામના પૂરી કરી શકું આ હું રસ્તામાં જતી વખતે સાન્તાક્લોઝને મારી ઇચ્છા વ્યક્ત કરીશ.

**-રાજણી કાજલ આર. ધોરણ : ૧૦ — સી, રોઝરી એજ્યુકેશન સીસ્ટમ**



હું સ્કૂલેથી ઘરે જાઉં છું અને મને જો સાન્તાક્લોઝ મળે તો મારી ઇચ્છાઓ નીચે પ્રમાણે હોય.

- હું રાઝરી જેવી સુંદર શાળામાં ભણું છું. હું મારી આશા છે કે બધા બાળકો પણ આવી સુંદર શાળામાં અભ્યાસ કરી શકે.
- જે લોકો ગરીબ છે તે લોકોની જરૂરિયાતો પૂર્ણ થાય.
- ભારત જેવા વિશાળ દેશમાંથી ગરીબી અને બેકારી દુર થાય.
- જે વસ્તુઓ હાલના સમયમાં મોંઘી છે તે સસ્તી થાય અને બધા ખરીદી શકે.
- હું મારા અભ્યાસમાં આગળ વધુ અને બીજા બાળકો પણ અભ્યાસમાં પ્રગતિ કરે.
- જે છોકરાઓ પોતાના વૃદ્ધ માતા પિતાને વૃદ્ધાવસ્થામાં વૃદ્ધાશ્રમમાં મોકલે છે. તેવી પરિસ્થિતિના થાય.
- હું મારા જીવનમાં માતા પિતાને હંમેશા ખૂશ રાખી શકું.
- ૨૯૧૫૯ જેટલા દસમાં ધોરણમાં ભણતા બધા જ વિદ્યાર્થીઓ પાસ થઇ જાય.
- હું મારા બધા જ સ્વપ્ન સાકાર કરી શકું.
- હું મારા સ્વપ્નનું ઘર બનાવીને મારા માતા પિતાને તેમાં સુખી રાખી શકું.

**-નાડીયાપરા હેમાંગી જે. ધોરણ : ૧૦ — સી, રોઝરી એજ્યુકેશન સીસ્ટમ**

## જો સાન્તાક્લોઝ તમને મળે તો તમે શું વિશ માંગશો?



જો મને સાન્તાક્લોઝ મળે તો હું બે ઇચ્છા પૂર્ણ કરવા કહીશ. મારી પહેલી ઇચ્છા એ છે કે હુ નાશામાં નોકરી કરી એક ભારતીય અવકાશયાત્રી બનવા માંગું છું. મારે પૃથ્વીને નજીકથી જોવી છે. મારે એવા ગ્રહ ઉપર જવું છે જ્યાં હું ભલે તે ગ્રહ પર પહેલી પહોંચનારી અવકાશયાત્રી ન હોય પણ મારે એવાં ગ્રહ પર જવું છે. મારી બીજી ઇચ્છા એ છે કે ભારતના ગરીબ બાળકો ક જે અમારી જેમ ભણવા જઇ શકતાં નથી. તેઓ સારી સારી સ્કુલમાં ભણી શકતા નથી. તેમના માટે સારી સારી સ્કુલો બને. તેમાં તેઓ જઇ શકે. આ બે ઇચ્છામાંથી મારી ઇચ્છા પૂર્ણ નહી થાય તો પણ મને દુઃખ લાગશે નહિ. પણ જે નાના બાળકોનું જીવન તો સુધરી જશે. તેમનું ભવિષ્ય સુધરી જશે. તેવી મારી ઇચ્છા છે.

**-સહાની શિતલ એસ. ધોરણ ૮, રોઝરી એજ્યુકેશન સીસ્ટમ**



મારું નામ સેહુઆ રૈના છે. હું ૮-સીમાં અભ્યાસ કરું છું. આજે હું તમને જણાવીશ કે જો મને સાન્તાક્લોઝ મળે તો હું શું માંગીશ? જો મને સાન્તાક્લોઝ મળે તો હું તેની સામે મારી બે ઇચ્છા માંગીશ. તેમાં મારી એક ઇચ્છા ચિત્રકાર બનવાની છે. મારે ચિત્રકાર બનીને રંગોથી દુનિયાને રંગીન કરવી છે. મારે મારા ભારત દેશનું નામ રોશન કરવું છે. આપણાં ભારત દેશમાં ઘણા ગરીબો છે. જેની પાસે બે સમયનું ખાવા માટે પણ કંઇ નથી. તો મારી બીજી ઇચ્છા પણ કંઇક એવી જ છે. હું મારા દેશને ગરીબીને દુર કરી શકું અને તેમને બે સમયનું ખાવાનું પણ આપી શકું. જો મને સાન્તાક્લોઝ મળે તો હું આ બે ઇચ્છા માંગવાનું વધારે પસંદ કરીશ.

**-સેહુઆ રૈના રતનભાઇ, ધોરણ ૮, રોઝરી એજ્યુકેશન સીસ્ટમ**



જો મને સાન્તાક્લોઝ મળે તો હું બે ઇચ્છા પૂર્ણ કરવા કહીશ. મારી પહેલી ઇચ્છા એ છે કે હુ ભારત દેશની એક આર્દશ પોલીસ ઇન્સપેક્ટર બનીને મારા દેશને ચોરી, અત્યાચારી, ગરીબી, બેદરકારીને દૂર કરવાનો પ્રયત્ન કરું. આધુનિક સમયમાં ભારત દેશમાં છેતરપંડીના અત્યાચારથી બચાવીને લોકોનું રક્ષણ કરીશ. દેશના કોઇપણ આધુનિક નાગરીકને અન્યાય ન થાય તેનું ખાસ ધ્યાન રાખીશ. મારા માતા પિતાની પણ ઇચ્છા છે કે હું પોલીસ ઇન્સ્પેક્ટર બનું અને મારી પણ આ જ ઇચ્છા છે. હું મારી ઇચ્છા પૂર્ણ કરવા સાન્તાક્લોઝની પાસેઆ વિશ માંગીશ. અને હું આશા રાખીશ કે મને ભારત દેશનું રક્ષણ કરવાની તક મળે અને મારી ઇચ્છા પૂર્ણ થાય.

**-ગોહેલ દેવ્યાની જે. ધોરણ ૮ સી, રોઝરી એજ્યુકેશન સીસ્ટમ**



જો મને સાન્તાક્લોઝ મળે તો હું બે ઇચ્છા પૂર્ણ માંગીશ. મારી પહેલી ઇચ્છા એ છે કે હું મોટો થઇને ભારતીય અવકાશયાત્રી બનું. અને એક એવા ગ્રહ ઉપર તિરંગો ફરકાવું કે જે ગ્રહ ઉપર અક પણ માનવી પહોંચ્યો ન હોય અને તે ગ્રહ ઉપર પ્રથમ માનવી અને એક ભારતીય તરીકે પહોંચુ અને મારી બીજી ઇચ્છા છે કે ભારત પૃથ્વી પરની મહાસતા બને. ભારત દેશ વિશ્વમાં નાયક બને અને ખુદ પોતાનું "ભાગ્ય વિધાતા" બને. જેથી કરીને કોઇપણ દેશ ભારતને ચુનૌતી દેવા સક્ષમ ન રહે. જો આવું થશે તો જ વિશ્વમાં ભારતીયોને જે જગ્યાએ જે અન્યાય થાય છે. ત્યાં તેને માન અને ન્યાય મળે. બસ આટલું દ હું સાન્તાક્લોઝ પાસે માંગીશ.

**-ગર પ્રદ્યુમન પી., ધોરણ ૮ બી, રોઝરી એજ્યુકેશન સીસ્ટમ**



હું સ્કૂલેથી ઘરે જતી હતી ત્યારે મને રસ્તામાં એક સાન્તાક્લોઝ મળ્યો હતો. તેને લાલ કપડાં પહેર્યા હતા. અને સફેદ દાઢી પણ હતી. તેને મને ગીફ્ટ પણ આપી અને મને પૂછ્યું હતું કે તારી શું ઇચ્છા છે જે ઇચ્છા હોય તે માંગ તો મે કહ્યું કે મારી ઇચ્છા તો ઘણી બધી છે. પણ હું એટલું જ માંગીશ કે હું જીવનમાં મારા પગભર ઉભી થવા અને મારી મમ્મીએ જે સંસ્કાર દીધા હોય તે તેનું પાલન કરું અને તેનું નામ ગર્વથી રોશન કરું. મને ચિત્રકલાનો પણ શોખ છે. તે શોખમાં હું આગળ કારકિર્દી મેળવું અને તેમાં સફળ થવા અને બીજું કે મારું ધોરણ ૧૦માં હું સારી રીતે પાસ થઇ જાવ અને તેમાં સારા ગુણ મેળવીને હું મારા માતા પિતાનું ખુબ જ નામ રોશન કરું અને આખા સમાજ અને સગા સંબંધીઓ પણ મારા માતા પિતાનું નામ ગર્વથી ઉચું લઇ આવું. બસ ખાસ મારી એક ઇચ્છા છે અને આગળ જતાં હું મારી બધી મનોકામના પૂરી કરી શકું. આ હું રસ્તામાં જતી વખતે સાન્તાક્લોઝને મારી ઇચ્છા વ્યક્ત કરીશ.

**-રાજપરા પૂર્વી વી. ધોરણ ૧૦—સી, રોઝરી એજ્યુકેશન સીસ્ટમ**



જો મને સાન્તાક્લોઝ મળે તો હું તેની પાસે બે ઇચ્છા વયક્ત કરીશ. પહેલી ઇચ્છા એમ છે કે ભારત દેશના ગરીબોના બાળકોની તેમની ઇચ્છા પૂર્ણ કરે અને બીજી ઇચ્છા એમ છે કે મારું જે લક્ષ્ય છે તે લક્ષ્યને પૂર્ણ કરીને મારા માતા પિતાની ઇચ્છા પૂર્ણ કરું. જો મારા માતા પિતાના ઇચ્છા છે તે જ મારી ઇચ્છા છે. આ મારા લક્ષ્યને પૂર્ણ કરવા સાન્તાક્લોઝની મદદ માટે મે આ ઇચ્છા માંગી છે. જો મને સાન્તાક્લોઝ મળે તો હું આ ઇચ્છા માંગીશ.

**-પરમાર રાહુલ, ધોરણઃ ૮, રોઝરી એજ્યુકેશન સીસ્ટમ**



હું સ્કૂલેથી ઘરે જતી હતી ત્યારે જો મને સાન્તાક્લોઝ મળે તો મારી ઇચ્છા આ પ્રમાણે હોય. જેવી કે, હું મારા મમ્મી પપ્પાની આદર્શ દીકરી બની શકું મારા શિક્ષકો માટે આદર્શ વિદ્યાર્થી બની શકું. હું કદી મારા મમ્મી પપ્પાને દુઃખ થાય, મારા વડીલોને દુઃખ થાય, મારા શિક્ષકોને દુઃખ થાય તેવું મારાથી કોઇપણ કામ ન થાય. હું મોટી થઇ અને મારા મમ્મીને કે પપ્પાને સામો જવાબ આપું તેવી મારી હિંમત ન થાય. હું મારા ૧૦માં ધોરણમાં ૮૫ ટકાથી સારા ટકાથી હું મારુ દશમું ધોરણ પાસ કરું. આ પરિણામ હું મારા મમ્મી પપ્પા માટે જ લાવવા માંગુ છું. જેથી હું મારા મમ્મી પપ્પાને ગર્વીત કરી શકું. જેથી મારા માતા પિત્તાને મારા ઉપર અભિમાન થાય, બસ આ જ મારી ઇચ્છા છે. આ ઇચ્છાઓ મારી પૂરી થાય તેવી હું પ્રાર્થના કરું છું.

**-ઘેરવડા માનસી વી. ધોરણ : ૧૦, રોઝરી એજ્યુકેશન સીસ્ટમ**



હું સ્કૂલેથી ઘરે જવા માટે રસ્તામાં છું અને મને જો સાન્તાક્લોઝ મળે તો મારી ઇચ્છાઓ નીચે પ્રમાણે હોય.

- મને દસમાં ધોરણમાં 99.99PR આવે અને મમ્મી પપ્પાનું સપનું પૂરૂ કરી શકું.
- મારું મિત્ર વર્તૂળ એવું હોય જે મને હંમેશા સહાયરૂપ બને અથવા હું તેમને સહાયરૂપ બનું.
- મારા દેશ વિકાસશીલમાંથી વિકસિત બને.
- દેશમાં બધા લોકો શિક્ષણ મેળવે અને સારી એવી નોકરી મળે.
- દસમાં ધોરણમાં સારા માર્કસ મેળવીને વિજ્ઞાન પ્રવાહમાં જઇ ડોક્ટર બનું.
- મારા કોઇપણ કામમાં મતા પિતા, શિક્ષકો અને વડીલોનાં આશીર્વાદ રહે અને સફળતા મળે.

**-પરમાર નિરાલી એમ. ધોરણ : ૧૦ — સી, રોઝરી એજ્યુકેશન સીસ્ટમ**



સાન્તાક્લોઝ બધા બાળકોનો પ્રિય હોય છે. બાળકો ક્રિસમસની થોડા દિવસની વાર હોય છે. ત્યારથી જ ક્રિસમસ ટ્રિને સજાવા લાગે છે અને "જિંગલ બેલ, જિંગલ બેલનું ગીત ગાવા લાગે છે. અને ક્રિસમસ આવવાની રાહ જોતા હોય છે અને જો અમને ક્રિસમસમાં સાંતાક્લોઝ મળી જાય તો અમે માત્ર એક જ વિશ માંગીએ છીએ કે આખા વિશ્વમાં હંમેશા ખુશીનો માહોલ રહે, આખા વિશ્વમાં ક્યારેય પણ કોઇ હુ લડાઇ, ઝઘડા, ન થાય અને આખા દેશમાં શાંતિ અને ભાઇ ચારાની ભાવના રહે અને આ વિશે સાન્તાક્લોઝ પુરી કરી દે તો ક્યારે પણ પૃથ્વી પર કાઇ સંકટ ન આવે અને પૃથ્વીનો કદી પણ નાશ ન થાય. આખું વિશ્વ હંમેશા શાંતિમય, ભાઇચારો અને પ્રગતિશીલ બને."

**-પાનખણિયા અભય કે. ધોરણ : ૮ — બી, રોઝરી એજ્યુકેશન સીસ્ટમ**



જો નાતાલની રજાઓમાં ને સાન્તાક્લોઝ પાસેથી ભેટ માંગવાની તક મળે, તો હું એક "પ્રદુષણ મુક્ત દુનિયા" માંગીશ. આજે પુરી દુનિયામાં પ્રદુષણ વધારે પ્રમાણમાં ફેલાયેલું છે. ૨૦૧૫એ આજ સુધીનું સૌથી ગરમ વર્ષ રહ્યું છે. જેનુ કારણ પ્રદુષણ રહ્યું છે. પ્રદુષણથી આજે પૃથ્વીને ઘણુ નુકશાન પહોંચી રહયું છે. જો સાન્તાક્લોઝ મારી આ ઇચ્છા પૂર્ણ કરે તો પૃથ્વીનું વાતાવરણ સુધરી શકે છે. પૃથ્વીનો પુનજન્મ થશે. લોકોનું સ્વાસ્થ સુધરશે અને હું એક પ્રદુષણ મુક્ત દુનિયા બનાવી શકિશ....

**-ભટ્ટ વિશેશ ડી. ધોરણ :- ૭- બી**



૨૫મી ડિસેમ્બર એટલે નાતાલ. નાતાલ એ ખિસ્તી ધર્મનો તહેવાર છે. તે લોકો ખૂબ ધામધૂમથી ઉજવે છે. ફક્ત ખિસ્તીઓ જ નહિ પરંતુ સમગ્ર જાતિના લોકો નાતાલ ઉજવે છે. હું પણ નાતાલ ઉજવું છું. જો મને સાન્તાક્લોઝ પાસેથી ભેટ મેળવવાનો અવસર મળેતો હું મારી માટે નહિ પણ ગરીબ બાળકો માટે માંગુ એક વખત નાતાલમાં મને સાન્તાક્લોઝ પાસેથી ભેટ મેળવવાનો અવસર મળ્યો. ત્યારે મેં ગરીબ બાળકો માટે દવાઓ, ગરમ કપડાં, સારા વ્યવસ્થિત કપડાં, અને સારા પુસ્તકો માંગ્યા જેથી કરીને હું ગરીબ બાળકોને ઠંડી, રોગ સામે રક્ષણ મળે અને સારું ભણતર મળી રહે તે માટે મે સારા પુસ્તકો પણ માગ્યાં.

**-ગુર્જર દિયા ડી. ધોરણ :- ૮- સી**



૨૫મી ડિસેમ્બર એટલે નાતાલ જેને આપણે ઇંગ્લિશમાં ક્રિસમસ કહીએ છીએ. તે ખ્રિસ્તી લોકોનો તહેવાર છે. નાતાલની રજાઓમાં તમે જાણો છો કે સાન્તાક્લોઝ પાસેથી આપણે ભેટ માંગવાની હોય છે. તો મે પણ એકવાર નાતાલની રાત્રે લાલ મોજામાં ચિઠ્ઠી લખી. તેમાં મે લખ્યું હતું કે આખુ જગત અને મારા માતા-પિતા સુખી રહે મારાા માતા પિતાની ઇચ્છા થે કે હું મોટી થઇને ખુબ સારી નોકરી મેળવું ને હંમેશા સુખી રહું. હું મારા માતા પિતાનું સપનું ક્યારેય પણ નહિ તોડુ. હ્રું મારા માતા-પિતાની આંખોમાં આંસું ક્યારેય નહિ લાવું. તેથી સાન્તાક્લોઝથી મારી એક જ વિનંતી કે તે આખા જગત અને મારા માતા પિતાને હંમેશા સુખી રાખે.**-કલોલિયા કલગી અતુલકુમાર, ધોરણ :- ૮- બી**



નાતાલની રજાઓમાં સાન્તાક્લોઝ પાસેથી હું ભેટ માંગીશ કે ભારત દેશમાં ગરીબી, લાચારી, ભ્રસ્ટાચાર, ભુખમરો તેને હું દૂર કરવા માંગુ છું. ગરીબોને પહેરવા માટે સારા કપડા, સારુ ખાવાનું, સારૂ જ્ઞાન, રહેવા માટે સારુ ઘર હોવું જોઇએ. લાચાર વ્યક્તિને પોતાની લાચારી દૂર થાય ભ્રસ્ટાચાર બંધ થાય, ભ્રસ્ટાચારમાં લોકો બધાને લુંટે છે. તે બંધ થાય. ભૂખમરો ને કારણે લોકો ભિખ માંગે છે અને કઇ ન થાય તો પોતાનાં છોકરાને વેચે છે તેથી હું આ ભૂખમરો બંધ થાય તેવું માંગુ. તેથી હું આવું માંગીને આખા દેશને સમૃદ્ધ બનાવવા ઇચ્છું છું. મારે ફક્ત સાન્તાક્લોઝ પાસે આજ માંગવાં ઇચ્છું છું.

**-ઠક્કર પાર્થ કિશન કુમાર, ધોરણ :- ૮- એ**




## નાતાલની રજાઓમા સાન્તાકલોઝ પાસેથી કઇ ભેટ લેશો



મારુ નામ મયૂર છે. હું હિન્દુ ધર્મ માંથી આવું છું. આપણા ભારત દેશમાં જુદા જુદા ધર્મના લોકો રહ્ છે. નાતાલ તહેવાર ખિસ્તી ધર્મનો છે. જો મને નાતાલની રજાઓમાં સાન્તાક્લોઝ મળે તો હું મારા જીવનમાં જરુરી એવી ભેટ માંગીશ. હું ગરીબ માણસોની સેવા કરવા ઇચ્છું છું. તેથી હું મારા મહોલ્લામાં રહેતા લોકો પાસેથી અને મારા માતા-પિતા પાસેથી પૈસા મેળવીને હું ગરીબ માણસોની સેવા કરીશ. આ પૈસા મેળવીને હું ગરીબ માણસોની સેવા કરીશ. ગરીબ માણસોના બાળકો માટે હું તેમને ભણવા માટે જરૂરી પુસ્તકો, આપીશ અને મારા બનતા તેટલા તેમને ભણાવવા માટે પ્રયત્નો કરીશ, ગરીબ માણસોના બાળકો ને ભણવાની ઇચ્છા હોય છે. પરંતુ તેમની પાસે પૈસા ન હોવાને કારણે તે ભણી શકતા નથી. તેથી મને સાન્તાક્લોઝ મળે તો હું તેમની પાસે આ માંગીશ જો તે મને આ આપે તો હું ખુબ ખુશ થાઉ.

**-પંચાલ મયૂર વિષ્ણુભાઇ, ધોરણ :- ૮- સી**



મારુ નામ જય છે. હું હિન્દુ ધર્મનો છું. પરંતુ મને નાતાલ તહેવાર ખૂબ જ ગમે છે. તેમાં ક્રિસમસ ટ્રીને સજાવવા માં આવે છે. એક-બીજાને ભેટ આપવામાં આવે છે. આ તહેવાર ખૂબ જ આનંદથી ઉજવાય છે. ઘણાં બધા બાળકોને સાન્તાક્લોઝ સાથે ભેટ માંગવાની ઇચ્છા છે. તેમાં નો એક બાળક હું છું. જો મને નાતાલની રજાઓમાં સાન્તાક્લોઝ મળે તો હું તેની પાસે માંગું કે મને પ્રાણી ઓ વીશે જાણવું ખૂબ જ ગમે છે. જો પ્રાણીઓ વિશે જાણવા જેવી ચોપડી હોય તો તે હું માંગુ અને મને દુનિયામાં આવેલ ઘણા બધા દેશોમાં ફરવું અને તેમના વિશે જાણવું ખૂબ જ ગમે છે. જો મારી ઇચ્છા પૂરી થાય તો હું ખૂબ જ ખુશ થઉં તેથી મારી ઇચ્છા પૂરી થાય તે મારી સાન્તાક્લોઝને વિનંતી છે.

**-વ્યાસ જય કલ્પેશભાઇ, ધોરણ :- ૮- સી**



મારી વિશ એ છે કે હું સાન્તાક્લોઝ પાસે એ વિશ માંગીશ કે મારી પાસે બધીજ વસ્તુઓ છે અને જે બાળકો પાસે ભણવા માટે પૈસા નથી તેવા બાળકોને પૈસાની મદદ કરીશ. તે બાળકોને ભણાવીને પોતાની લાઇફમાં આગળ કાઇકં કરી શકે. તેમના સારા ભવિષ્ય અને તે બાળકો તેમની જીવનમાં પ્રગતી કરી શકે.

**-છાબરીયા સોનીયા સતિષકુમાર, ધોરણ ૮, મહાત્મા ગાંધી હાઇસ્કૂલ**



હું સાન્તાક્લોઝ પાસે એ વિશ માંગીશ કે ઘણીબધી ચોક્લેટ, ટેડીબીયર, અને ટોયઝ આપે જેથી જે બાળકો પાસે આ બધી વસ્તુઓ નથી તેમને હું ગીફ્ટ આપી શકું અને તેમને ખુશ કરી શકું.

**-આશિતા ચેનાની, જુ. કેજી, ઇનફેન્ટ જીસસ સ્કૂલ**



સાન્તાક્લોઝ મને મળે તો હું તેમની પાસે એ વિશ માંગીશ કે મને પણ તમે તમારી જેમ સાન્તાક્લોઝ બનાવી દો. જેથી હું પણ તમારી જેમ જરૂરીયાતમંદ બાળકોની વિશ પુરી કરી શકું અને તે બાળકોને ખુશ કરી શકું.

**-ખેરાજાની દિનેશ વી., મહાત્મા ગાંધી પ્રાઇમરી સ્કૂલ**



હું સાન્તાક્લોઝ પાસેએ વિશ માંગીશ કે મને રાજકુમારી બનવું છે. અને સુંદર રહેવા માટે મહેલ અને રમવા માટે સુંદર ફુલોથી બનાવેલો બગીચો બનાવી આપવા કઇશ.

**-મહેરચંદાની કિર્તી મહેશભાઇ, ધોરણ ૮, ઊમા શિક્ષણ તીર્થ**

# તમારામાં સા.બુ.છે ? તો આપો જવાબ

(બાળ દોસ્તો, અહીં ઉપર લખ્યું છે તે સા.બુ.એટલે શું ? તેમને ખબર છે, સા.બુ.એટલે સામાન્ય બુદ્ધિ. સમજી ગયાને ? હં...., તો પછી નીચેના પ્રશ્નોના ફટાફટ જવાબ આપો.)

**મહાભારતના રચિયાતા કોણ હતા?**
(અ) વાલ્મિકી (બ) કપિલમુની (ક) વાત્સ્યાયન (ડ) વેદવ્યાસ

**નીચેનામાંથી કયો રાજકીય પક્ષ મુખ્યત્વે આંધ્રપ્રદેશમાં છે?**
(અ) D.M.K. (બ) R.J.D. (ક) T.D.P. (ડ) A.G.P.

**પી.ટી.ઓ. શબ્દો કયા અંગ્રેજી શબ્દોના સાંક્ષેપાક્ષરો છે?**
(અ) પબ્લિક ટેલિફોન ઓફિસ (બ) પેજીસ ટર્ન ઓવર
(ક) પ્લીઝ ટર્ન ઓવર (ડ) પોલિંગ ટ્રેઇનિંગ ઓર્ગેનિઝેશન



**મીનળ દેવી કયા રાજ્યના રાજાની કુંવરી હતી?**
(અ) કનોજ (બ) કર્ણાટક (ક) માળવા (ડ) વલ્લભી

**મહાભારતના યુદ્ધ દરમિયાન શ્રીકૃષ્ણે અર્જુનને આપેલો ઉપદેશ કયા ગ્રંથમાં છે**
(અ) ભાગવતમાં (બ) ભગવતગીતામાં (ક) કૃષ્ણપુરાણમાં (ડ) વિષ્ણુપુરાણમાં

**જવાબ:** (૧) વેદવ્યાસ (૨) T.D.P. (૩) પ્લીઝ ટર્ન ઓવર (૪) કર્ણાટક (૫) ભગવતગીતામાં

## આવો નવા વર્ષના મંગલ પ્રભાતે, સાથે મળીને સહુ લઈએ, આરોગ્યપ્રદ જીવનશૈલીની પ્રતિજ્ઞાઓ

- અમે સહુગળપણ, નમકીન, ફરસાણ, ડેરી પ્રોડકટસ (ચોકલેટ, કેક, પેસ્ટ્રી, કોલ્ડડ્રીંક્સ)નોઆહારમાંઉપયોગ ચાખવા પૂરતો જ કરીશું.
- અમે આહારમાં ઘંઉ, બાજરી, જુવાર, ચોખા, મકાઇ, મેંદાનો રોજીંદો વપરાશ ઓછો કરીશું.
- અમે લીલા શાકભાજી, કઠોળ, ફળ, દાળ, દંહી, છાશ, પાણીનો ઉપયોગ વધારે કરીશું.
- અમે વજન ઘટાળવા માટે સદંતર નહિ કરીએ.
- અમે દિવસમાં ચાર વખત થોડો-થોડો આરોગ્યપ્રદ આહાર ચોક્કસ લઇશું.
- અમે વારંવાર ચા-કોફીપીવાની અને નાસ્તો કરવાની ટેવથી દૂર રહીશું.
- અમે ઘરનો બનાવેલો સાદો અને પોષ્ટિક આહાર લેવાનું જ પસંદ કરીશું.
- અમે નિયમીત યોગ્ય કસરત કરીશું.
- અમે શરીરનું વજન ૯૦ કિલોથી વધારે હોય તો આરોગ્યપ્રદ જીવનશૈલી અપનાવીને અથવા બેરીયટ્રીક સર્જરીથી વજન ઘટાડીને જ ઝંપીશુ.

## નસકોરી



- નસકોરી ફૂટે તો ફટકડીનું ચૂર્ણ સૂંઘાડવું અને ફટકડીનું પાણી નાકમાં નાખવાથી લોહી તરત જ બંધ થાય છે.
- ઘઉંના લોટમાં સાકર અને દૂધ મેળવી પીવાથી નાકમાંથી પડતું લોહી બંધ થાય છે.
- મરીને દહીં અને જૂના ગોળમાં મેળવીને પીવાથી નાકમાંથી નીકળતું લોહી બંધ થાય છે.
- કેરીની ગોટલીનો રસ નાક વડે સૂંઘવાથી નાકમાંથી નીકળતું લોહી બંધ થાય છે.
- દૂધીનો રસ મધ અથવા સાકર સાથે પીવાથી નાકમાંથી કે ગળામાંથી નીકળતું લોહી બંધ થાય છે.
- મરી અથવા અજમો નાખીને ગરમ કરેલું તેલ નાકમાં નાખવાથી, સૂંઘવાથી કે નાકે ચોળવાથી નાક બંધ થઈ ગયું હોય તો તે ખૂલે છે.
- આમળાના ચૂર્ણને દૂધમાં કાલવી રાત્રે સૂતી વખતે મગજના ભાગ પર લગાડવાથી વારંવાર ફૂટતી નસકોરી બંધ થાય છે.
- અરડૂસીના પાનના રસના ૩થી ૪ ટીપા નાકમાં નાખવાથી નસકોરી બંધ થાય છે અને અરડૂસીના પાનનો રસ પીવાથી નાક કે મોં વાટે લોહી પડતું બંધ થાય છે.
- નસકોરી ફૂટે ત્યારે તાળવા ઉપર ઠંડા પાણીની ધાર પાડવી તેમ જ નાકમાં ઠંડા પાણીની છાલક મારવાથી લોહી બંધ થાય છે.
- નસકોરી ફૂટે ત્યારે બરફનો ટુકડો માથે, કપાળે, અને ગરદન પર ફેરવવાથી લોહી બંધ થાય છે.
- લીંબુનો રસ કાઢી નાકમાં પિચકારી વાટે નાખવાથી નસકોરીનું દર્દ કાયમ માટે નાબૂદ થાય છે.
- નસકોરી ફૂટે તો કેરડીના રસના ટીપાં, કાંદાના રસના ટીપાં, ગાયના ઘીના ટીપાં, દૂધના ટીપાં ખાંડના પાણીના ટીપાં, દ્રાક્ષના પાણીના ટીપાં, ઠંડા પાણીના ટીપાં, ગમે તે એક વસ્તુના ટીપાં નાકમાં નાખવાથી લોહી પડતું બંધ થાય છે.
- કેળાના રસમાં સાકર નાખી પીવાથી નાકમાંથી નીકળતું લોહી બંધ થાય છે.
- નસકારી ફૂટે ત્યારે દાડમના ફૂલના રસના ટીપાં નાકમાં નાખવા.
- ફટકડી કે માયુંફળનું ચૂર્ણ નાકમાં દબાવવાથી નાકમાંથી નીકળતું લોહી બંધ થાય છે.
- ભારે શરીરવાળાને નસકોરી ફૂટે તો તુરંત બંધ ન કરવી. મગજમાંથી વધારાનું લોહી નીકળી જવા દેવાથી મસ્તકને નુકસાન થતું અટકે છે.






એક વખત સ્વતંત્ર રીતે વિચારતા આવડી જાય પછી આપણે જ આપણા શિક્ષક બની શકીએ. -લેડી ગાગા

## નીચે આપેલા એક સરખા બે ચિત્રોમાં પાંચ તફાવત છે તે શોધો



## ટપકા જોડો અને રંગ પૂરો



## ગણતરી કરી સાચો જવાબ શોધો





## જો જો પાછા હસતા નહી

### સોનૂ-મોનૂ

**સોનૂ:** સોનૂના ઓફિસના બાથરૂમનો અરિસો ઘસાઈને મેલો થઈ ગયો હતો. સોનૂ બોસે મોનૂને કહ્યું જા ભાઈ બજારમાંથી જરા એવો અરિસો લઈ આવ જેમા મારો ચહેરો હું સ્પષ્ટ જોઈ શકું.
**મોનૂ:** મોડી સાંજે આવ્યો અને બોલ્યો... સોરી બોસ... હું આખુ બજાર ફર્યો પણ બધા જ અરિસામાં મને મારો જ ચહેરો સ્પષ્ટ દેખાતો હતો.

### કીડી અને હાથી

**કીડી:** કીડી રિક્ષામાં બેસી અને પગ બહાર લટકાવી લીધા
**રિક્ષાવાળો:** મેડમ પગ અંદર રાખો.
**કીડી:** નહીં રસ્તામાં હાથી મળશે તો એને લાત મારવી છે, કાલે એ મને આંખ મારીને ભાગી ગયો હતો.



### સપના

**સરદાર:** સરદારને સપનામાં એક છોકરીએ ચંપલ માર્યું બે દિવસ સુધી સરદાર પોતાની બેંકમાં ના ગયો. કેમ કે બેંકમાં લખ્યું હતું કે....
"હમ આપકે સપનો કો હકીકત મે બદલ દેતે હૈ"

### મંત્રીજી

એક વાર સંતાના ગામમાં એક મંત્રીજી આવ્યા
બધા પોત-પોતાની માંગ જણાવતા હતા
બધાએ આખી વાત કહી દીધી
આખરે સંતાએ કહ્યું અમને એક પુલ જોઈએ
**મંત્રીજી:** પણ તમારે ત્યાં તો નદી જ નથી.
**સંતા:** તો ઠીક છે એક નદી પણ આપી દો.



આપણે હૃદયને લાગણીના ધાગાથી એટલી મજબૂતાઈ બક્ષવાની છે કે કોઈ પણ તાકાતથી તે તૂટી ન શકે.



**હેતાંશી અને યેશા**
ધોરણ ૬, ધ રોઝરી સ્કુલ



**જીયા જૈન**
ધોરણ ૭, અર્જુન ઇંગ્લિશ સ્કુલ



**કૌશિક સાલા**
ધોરણ ૬, કેન્દ્ર વિદ્યાલય, ઓ.એન.જી.સી



**હેમાની ગોહિલ**
ધોરણ ૬, ત્રિપદા ઇન્ટરનેશનલ સ્કુલ



**નિવિદ મહેતા**
ધોરણ ૬, ગ્લોબલ મિશન ઇન્ટરનેશનલ સ્કુલ




**પાર્થ અને રૂદ્ર**
ધોરણ ૬, ત્રિપદા ડે સ્કુલ




**પ્રદિપ મહેતા**
ધોરણ ૮-બી, શ્રી સત્ય સાંઈ વિદ્યાનિકેતન



**નાવેદ શૈખ**
ધોરણ ૫, ધ રોઝરી સ્કુલ



**નિશાંત**
ધોરણ ૧, વેદાંગ પબ્લિક સ્કુલ



**મિલન મુકેશભાઈ જાદવ**
ધોરણ ૫, મનિકૃપા સ્કુલ



**યુગ પરીખ**
ધોરણ ૪, ડિવાઇન લાઇન ઇન્ટરનેશનલ સ્કુલ



**રિદ્ધિ ગજ્જર**
ધોરણ ૯, એસ.એમ.ટી. પી.બી.ડી. જોશી હાઇ સ્કુલ

આનંદ એક એવું અત્તર છે, જેને જેટલા વધુ લોકો પર છાંટો તેટલી વધુ સુગંધ તમારી અંદરથી આવશે.

## બાજુમાં આપેલા શબ્દો, નીચેના ચોકઠામાંથી શોધો

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ડા | તે | તી | રા | હા | પા | શિ | ખ | સુ |
| કો | ચ | ર | પી | ળી | વા | તા | ળ | ભા |
| ર | અં | બા | જી | ઈ | ગ | ષ્ટ | પ | ગિ |
| પા | શા | મ | ળા | જી | ઢ | દિ | તા | ર |
| દ્વા | તે | જ | રી | થ | ઘ | સો | ણ | ના |
| ર | લ્લ | ભ | ભા | ના | પ | મ | લ | ર |
| કા | ચો | ટીં | લા | શ્રી | મી | ના | રા | ઝ |
| ણ | ન્મા | તા | ક્ષા | શિ | વ | થ | ત્રી | વ |
| વિ | ર | પુ | ર | ષ્ટ | ણ | ત્રી | હ | ન |

અંબાજી
સોમનાથ
દ્વારકા
ડાકોર
પાવાગઢ
શામળાજી
શ્રીનાથજી
ગિરનાર
ચોટીલા
વિરપુર

## રસ્તો શોધવા મદદ કરો




ટૂંકી વાર્તા

# શુકનિયાળ કે અપશુકનિયાળ

એક સમયની વાત છે, અકબર બાદશાહ સવાર-સવારમાં ઊઠીને પોતાના ઝરૂખામાં ઊભા હતાં. અકબર બાદશાહે રસ્તા પર નજર નાંખી તો ત્યાં બાદશાહનો એક દૂબડો સેવક પસાર થતો હતો. સેવકે રાજાને જોઈને તેમને સલામ કરી. ત્યાર બાદ અકબર બાદશાહ નાસ્તો કરીને બગીચામાં ફરવા નિકળ્યા.

બગીચામાં રંગ-બેરંગી ફૂલો ખીલ્યાં હતાં. તેમાં એક ગુલાબના છોડ પર સુંદર મજાનું ગુલાબનું ફૂલ ખીલ્યું હતું. અકબર બાદશાહને ફૂલોમાં ગુલાબ સૌથી વધુ પ્રિય હતું. ગુલાબનું ફૂલ જોઈને અકબરનું મન લલચાયું. તેણે ફૂલ તોડવા હાથ લંબાવ્યો, પરંતુ અકબરને ગુલાબના છોડમાંથી કાંટો આંગળીમાં વાગ્યો. બાદશાહની આંગળીમાંથી ખૂબ લોહી નીકળી રહ્યું હતું.

આ જોઈને અકબરના સેનાપતિએ પૂછ્યું બાદશાહ સલામત છો ને, આજે સવારે તમે જરૂરથી કોઈ અપશુકનિયાળનું મોઢું જોયું હશે. તેના કારણે તમારી આંગળીમાં કાંટો વાગ્યો. અકબરે વિચાર કરીને કહ્યું, હા સાચી વાત છે. આજે મેં સવારના એ દુબડા સેવકનું મોઢું જોયું હતું. તે અપશુકનિયાળ છે. તેને જીવવાનો કોઈ અધિકાર નથી. માટે તેને ફાંસીએ ચડાવી દેવો જોઈએ.

અકબરના આ ફરમાનથી બિચારો તે સેવક કંપી ગયો. તે સીધો બિરબલ પાસે ગયો, સેવકે બિરબલને બધી વાત કરી. સેવકની વાત સાંભળી બિરબલે હંમેશની જેમ પોતાની બુદ્ધિથી સેવકને એક યુક્તિ જણાવી. સેવક ખુશ થતો થતો સીધો બાદશાહ અકબરના દરબારમાં ગયો. સેવકે બાદશાહને ફરિયાદ કરી, જહાંપના મને ન્યાય આપો. તમે જે રીતે સવારના મારુ મુખ જોયું હતું તેમજ મે પણ એક વ્યક્તિનું મુખ જોયું હતું. તેના અપશુકનથી મને પણ આજે તમે ફાંસીની સજા કરી છે. માટે મે જેમનું મુખ જોયું હતું તેને પણ સજા કરો. આ સાંભળી બાદશાહ બોલ્યા જરૂર તે વ્યક્તિ તો તારાથી પણ વધુ અપશુકનિયાળ છે. કારણ કે તારુ મુખ જોવાથી મને ફક્ત કાંટો વાગ્યો જ્યારે તેનાં કારણે તને ફાંસીની સજા થઈ છે. માટે તેને પણ જરૂર સજા કરવામાં આવશે. અકબરે સેવકને કહ્યું તું તેનુ નામ કહે.

સેવકે કહ્યું મહારાજ આજે સવારના સૌ પ્રથમ મે તમારું મુખ જોયું હતું. આ સાંભળી બાદશાહ વિચારમાં પડી ગયાં. થોડી વાર વિચાર કર્યા બાદ પોતાની ભુલ સમજાણી. અકબરે વિચાર્યું આ યુક્તિ પાછળ જરૂરથી બિરબલનો હાથ હશે. તેમણે સેવકને ઇનામ આપી ખરી હકીકત જાણ્યા બાદ બિરબલની બુદ્ધિના વખાણ કરી તેને પણ ઇનામ આપ્યું. બાદમાં બાદશાહે રાજ્યમાં ફરમાન કર્યું કે કોઈ પણ વ્યક્તિ શુકનિયાળ કે અપશુકનિયાળ હોતા નથી.

## શ્રેષ્ઠ રંગ પૂરણી ચિત્ર




## રંગ પૂરણી

**ધોરણ ૧ થી ૪ સુધીના જ વિદ્યાર્થીઓએ ચિત્રમાં રંગ પૂરી અમને ૨૫-૧૨-૨૦૧૫ સુધીમાં નીચેના સરનામે મોકલી આપશો.**

ધી ઓપન પેજ, ૪થો માળ, વિશ્વ આર્કેડ, અખબારનગર પાસે, નવાવાડજ, અમદાવાદ-૧૩

શ્રેષ્ઠ રંગ પૂરણીને ભેટ

**નામ:** ____________________

**સ્કૂલનું નામ:** ____________________

**ધોરણ:** ____________ **મો.નં.:** ____________

ફોટો



TRIPADA
SINGAPORE INTERNATIONALÉ SCHOOL

# TRIPADA SINGAPORE INTERNATIONALÉ SCHOOL
## THE GLOBAL CAMPUS

# ADMISSIONS



# 2015-16

## THE ÉCOLE WHERE EDUCATION IS MODELED FOR CREATIVITY









Tripada Parivar Initiatives

: Affiliated:
CAMBRIDGE International Examinations
Cambridge International School
Tripada Education Trust

TSI ESOL
ENGLISH ASSESSMENT CENTRE

: Proposed :
ib International Baccalaureate®

Address : Pundhrasan Cross Road, Uvarsad - Sardhav Road, Gandhinagar, Gujarat
For Admission enquiry call on 846 903 6556 or what's app on 846 903 6556
M: 968 763 8282, 968 763 8383


Printed and published by ARCHIT LABUBHAI BHATT on behalf of TRIPADA EDUCATION TRUST and Printed at Divya Bhaskar Print Plant, plot No. 148, Po. Vasna-Chachravadi, B/h. L&T Plant, Bavla-Changdor Road, Dist: Ahmedabad-382210 and published from TRIPADA EDUCATION TRUST Madhuvrund Society, Ranna Park, Ghatlodia, Ahmedabad. ● Editor- ARCHIT LABUBHAI BHATT